
જ્ઞાન સંપ્રદાય કાયમપંથી અનુયાયીઓ માટે

# નિત્ય નિયમ ઉપાસના પાઠ



અનંત બ્રહ્માંડાધીશ સકર્તા સર્જનહારના

# પંચ વિશેષણ




**આદ્ય સક્તત સ્વરાજ**

**કરૂણેશ કૈવલ કર્તા ત્વં નમામી**

ૐ સામ્રથ કૈવલ દિવ્ય દ્રિગ સાક્ષીવત્ આદી કર્તા કૃપાનિધ્યે પ્રણતઃ

કલેશનાશાય અનંતાય નમો નમઃ

અનંત બ્રહ્માંડાધીશ સકર્તા સર્જનહારના

સજાણ જાણ સ્વરૂપ પરમવિશેષ પાટવી અંશ

# શ્રીમત્ કરુણાસાગર



# ત્વં નમામી

મેરો તન ચૈતન ચિદ્ રુપા, સો તુમકુ કહ્યો લક્ષ અનુપા;
તબ તેહી લક્ષ રહો ચિત્ત પ્રોઈ, ચરમદેહી મમ તજો સનેહી.

|| શ્રી પરમગુરવે નમઃ ||

# નિત્ય નિયમ ઉપાસના પાઠ

## જ્ઞાન સંપ્રદાયના કાયમપંથી સંત અને ભક્ત અનુયાયી માટે

પ્રકાશક
ભજનાનંદ પબ્લિકેશન
વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ
૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,
અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

**નિત્ય નિયમ ઉપાસના પાઠ**

**1st Edition: June 2020**
**Price: Rs. 20/-**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**

**શ્વસંમવેદ જ્ઞાન કેન્દ્ર**
સંતશ્રી જનકદાસજી ગુરુશ્રી ગોર્ધનદાસજી
મુ.પો. આલમપુર, તા.જી: ગાંધીનગર-૩૮૨૦૪૨
M: 9824025294
email: janakdasji2274@gmail.com

email: bshah6900@gmail.com
website: www.kaivalgyan.org

# અનુક્રમણિકા


સંત હરિજન પ્રણિપત (નમસ્કાર) વિધિ .............................. ૧

સંત હરિજનની રહેશવિધિ-ભજનવિધિ.............................. ૨

પ્રભાત પદ ૧-૧૦.............................. ૧૪-૩૩

મંગળ પદ ૧-૯ .............................. ૩૫-૪૭

ભાલ તિલક માહાત્મ્ય .............................. ૪૯

ભીતર ભાલતિલક માહાત્મ્ય .............................. ૫૨

કૈવલવેત્તા સ્તુતિ.............................. ૫૪

પ્રાતઃકાલ ઉપાસના વિધિ – મંગલા આરતી.............................. ૫૮

શણગાર આરતી .............................. ૬૦

કર્તા સ્તુતિ.............................. ૬૩

પ્રકંમા (પરિક્રમા) ૧-૪.............................. ૬૯-૭૬

ગુરુ સ્તુતિ ........................................ ૭૮
ગુરુ મહિમા ........................................ ૮૭
સાયંકાલ ઉપાસના વિધિ – ગુરુ મહિમા સાખી .................... ૧૧૮
ગોડીપદ ૧-૧૦ ........................................ ૧૨૦-૧૫૪
સંધ્યા સાખી ........................................ ૧૫૬
સંધ્યા આરતી ........................................ ૧૬૦
સંધ્યા સ્તુતિ ........................................ ૧૬૩
પોઢણ આરતી ........................................ ૧૬૪
ભોજન સમયની ધૂન ........................................ ૧૬૬
કથા સ્તુતિ ૧ ........................................ ૧૭૦
કૈવલ કર્તા ની સ્તુતિ ........................................ ૧૭૩
કથા સ્તુતિ ૨ ........................................ ૧૭૫
શ્રીમત્ કરુણાસાગરાષ્ટકમ્ ........................................ ૧૭૮

# સંત હરિજન પ્રણિપત (નમસ્કાર) વિધિ

દંડવત કી કહુ અબ રીતિ,
હરિજન સંત મિલનકી નીતિ;
સત્ કૈવલ સાહેબ કહેના જનકુ,
સત્ સામ્રથ જીલના સંતનકુ.૧
ઓરુ હરિજન હરિજનકા મિલના,
સો કહુ વચન સજન કે આધીના;
સત્ કૈવલ પરમાત્મ કહેના,
એક એકપે હલી મલી રંગ ભીના. ૨

સંત સંત મિલનકી બાની,
સો ભી પણ કહી દેઉ નિદાની;
અહો જય કૈવલ હંશા કહહી,
સનમુખ હોય અન્યો અન્ય ઉચરહી. ૩

## સંત હરિજનની રહેશવિધિ-ભજનવિધિ

અબકે કહત ઉપાસના બરની,
રહે સકલા ગત્ય નારી નરની;
ગુરુ કે બોધ બચન ચિત્ત ધરના,
લક્ષ આરાધન અહોનિશ કરના. ૧

ભોર ભયે પ્રગટે જબ ભાનુ,
સાવધાન થવુ કરી સ્નાનુ;
આસન દૃઢ કરી સમ દમ દેહા,
વિશ્વ વિલાસ હાસ તજી નેહા. ૨
સુરત નૂરત કરકે એકતારા,
હરદે ધ્યાન કેવલ કિરતારા;
ગુરુ લક્ષ જાપ મંત્ર તેહી જપના,
ઈન્દ્રિ ભોગ સબ સુખ તજી સ્વપ્ના. ૩
સ્થૂલ સૂક્ષ્મ કારણ તન જેહી,
મહાકારણ પર પરમ વિદેહી;

પરમ વિદેહી સોહી નિજ આપ રૂપા,
સો નિશ્ચે કરી તત્ત્વ અનુપા. ૪
જડતન તજી લક્ષ વિવિધિ વિભાગા,
ચૈતન લક્ષ ચિતવન અનુરાગા;
મકરતાર દોરી દમ સ્વાસા,
તા મધ્યે કૈવલ હંસ નિવાસા. ૫
સો હંસા આપનું નિજ આપુ,
દરસ પરે એહી ધ્યાન પ્રતાપુ;
જબ દરસે હંસા એહી ધ્યાનુ,
તબ અનુભવ ઉર હોય અવિલાનુ. ૬

જબ અનુભવ ઉર પ્રગટે કરતા,
ઈંડ પિંડ ફોડી જાય સુરતા;
જઈ કૈવલ નિજ પદકુ પરસે,
દિવ્ય દ્રષ્ટ આંહાંવાંહાં સબ દરસે. ૭
એહી પરકાર ધ્યાન નિત્ય કરના,
મુક્તરૂપ હોય વિશ્વ વિચરના;
આસન સમ ખટઘડી તીન નેમુ,
ચંચલ ચિત્ત મન વશ કરી ધેમુ. ૮
દ્વે સહેસ્તર સત સાઠહી જાપુ,
ઘડી ખટકે હોય સ્વાસ સમાપુ;

સૂનો મમ સંત ઉપાસના મર્મુ,
અહોનિશ કરો એહી તજી ઓર ભરમુ. ૯
અગમ ઉપાસ સો કહી સંતનકુ,
સુગમ ઉપાસ કહુ હરિજનકુ;
કરી સ્નાન ભાન જબ ઉદહી,
મન મંજન અંતર કરી સુધહી. ૧૦
આસન દ્રઢ એકાંત જમાઈ,
ગુરુ ચરનન પરથમ લેહેલાઈ;
બોહોરુ કહે ગુરુ જેહી નિજ જાપુ,
સો જપીયે તજી તનમન આપુ. ૧૧

યુગલ ઘડી જત મત સત્ રહેના,
સુરત નૂરત ઉનમુનિ ચિત્ત દેના;
જાપ સપ્તસે વીસ જપાઈ,
યુગલ ઘડી તબ પૂરણ થાઈ. ૧૨
એહી પરકાર ધ્યાન નિત્ય ધરહી,
તબ હરિજન નરનાર ઉધરહી;
ઓરુ તિનસે પુનિ સૂક્ષ્મ ટેકુ,
લઘુ હરિજન કહુ ધ્યાન ધરેકુ. ૧૩
સહેજ સ્વભાવ ચહાવ ગુરુ ચરના,
કૈવલ કૈવલ જાપ ઉચરના;

કરી સ્નાન ધ્યાન ઉર ગુરુ કા,
સહેજ દશા સાધન હરુભરુકા. ૧૪
ઊઠત બેઠત હરતાં ફરતાં,
સંતનકી સેવા રહીયે કરતાં;
સહેજ ઉપાસના સૂક્ષ્મ જનકી,
સોહી પણ પાવત ગતિ સરજનકી. ૧૫
કામ ક્રોધ મોહ તજી અહંકારા,
હરખ શોક અભિમાન વિકારા;
શીલવંત લક્ષે નિશદિનહી,
સો સાચે હમેરે હરિજનહી. ૧૬

ત્રધા પ્રકાર ઉપાસના બરની,
સંત સહિત ઓરુ જન નારી નરની;
રહેશ કહુ હરિજન સંતન કી,
જેહી રહેશે ગતિ હોય આગમ કી. ૧૭
જૂઠ પ્રપંચ ચોરી ઓરુ હેરી,
હરિજન સો ઉન રહે ન નેરી;
જીવદશા વરતત જુગ રીતિ,
અલગ રહે તિનસે તજી પ્રીતિ. ૧૮
સાકૂટ સંગ ન કરહી મેલાપુ,
જીન સંગે બઢે શોક સંતાપુ;

જીવ કી શીખ હરદે નવ ધરહી,
આપનો બોધ ઓરનકુ કરહી. ૧૯
બૂરી ભલી કે નિકટ ન રહીયે,
હરિજન સંગ સદા નિરવહિયે;
સાધન રહેશ ક્ષેત્ર ધામનકી,
કહી ઉપાસ સંત હરિજનકી. ૨૦
અહોનિશરહેએહીજનજતમતહી,
તબ પાવે કૈવલપદ ગતહી;
કહે કુવેર સૂનો જન સંતુ,
એહી મમ બોધ રહો ચિત્તવંતુ. ૨૧

હંગ સચેત હોત ગતિ રબસે,
જેહી આપનપુ ઓઈ;
તેહી આપનપુ અહંગ હંગ મિલી,
ક્રતા હંગ લહે સોઈ. ૨૨
ક્રતા હંગ દિવ્ય છત્ર સોહંગ શિર,
અહંગ હંગ અપનેહી;
ઉભય હંગ મિલીત હલમલ રત,
ઉમંગ દેહ સબેહી. ૨૩
જીન મેં આપના આપ હંગકો,
સાવધાન હોઈ સજહી;

અલગ અનુપ અંશ દ્વૈતનસે,
ક્તા હંગકુ ભજહી. ૨૪
તેહી ભજન નિજપતિ પરમકુ,
અંગિક્રત હોય સોઈ;
અન્ય નામ જેહી સહસ્ત્ર આદ્ય જપ,
ખુદ્દકુ પુગે ન કોઈ. ૨૫
તેહી પતિસે અબ અહંગ નમામિ મે,
સુરત નૂરત એકતાસુ;
જેહી સકલકે પરમ પુરાતન,
ભજત પુરીત અભિલાસુ. ૨૬

ઓર ભજન સે કાજ સરત નહિ,
નિજપતિ વિના કબેહી;
સદા અખંડ વિના કોણ કરે કાજ,
જેહી મરી ગયે સબેહી. ૨૭
અબ તુમ તેહી લક્ષ રખો અભ્યાસુ,
તો હમ સદા તુમ્હારી પાસુ;
મોહેર મંત્ર જમ વશ હોય સરપુ,
તીમ એહી જાપ સકલ મેં સમરપુ. ૨૮
કહે કુવેર હમ અકલ નરેશા,
ભવતારણ ધારે તન ભેષા. ૨૯

# પ્રભાત પદ ૧

મૂક્યને કલપના જલપના મન તણી,
તુજ વિના આન્ય નહીં કોઈ દૂજો; ટેક
તીરથ વ્રત ને જોગ જગન જપ,
તપ કરી માગતો તહારું તું જો. મૂક્યને...૧
નિંદ્રાના સુપનમેં રાજા ભીક્ષુક થયો,
જાચવા આપને દ્વાર ઊભો;
સુપનું સમાઈ ગયું જાગ્રત સુખ લહ્યું,
જ્યમ હતું તમ થયુ આપ સૂબો. મૂક્યને...૨

તમ  પદ સાતવીક સ્વરૂપ સ્વામી તણું,
        રજોગુણ  રસબસ  લુંબો  ઝૂંબો;
દ્વાદશ  દ્વારનું  સાર  મંદિર  રચ્યું,
        ઘટ  ઘટ  ખટરસ  લેવા  ચુંબો. મૂક્યને...૩
જીવ  તું  શિવ  તું  કાલ  કિરતાર  તું,
        કાલના  કાલમે  તોય  બુજ્યો;
કહે  કુવેર  અજ્ઞાન  અંધેર  ટળે,
        ગુરુગમ  દ્દષ્ટિએ  મોય  સૂજ્યો. મૂક્યને...૪

# પ્રભાત પદ ૨

શું કહીએ જંતને ઓળખ્યા નહી કંથને,
સેવ્યા નહી સંતને માન મૂકી; ટેક
ભક્તિપદ મુક્તિની જુક્તિ જાણી નહી,
લંપટ નરતણી બુધ્ય ટૂંકી. શું કહીએ...૧
અનેક વિગત્યે કથી સકલ સાહાસ્તર મથી,
વાણી પરમારથી નિગમ સાખી;
શઠને શિખામણ તોહોય લાગી નહીં,
કહી કવિ પંડિત થાક્યા ઋષિ. શું કહીએ...૨

નવ લહે મૂળ ગતિ રતિપતિની મતિ,
માયાનો સ્વારથી વરણમુખી;
કહે કુવેર નિજ નામ ભજન વિના,
કોઈ નર જક્તમે હોય નાં સુખી. શું કહીએ...૩

## પ્રભાત પદ 3

સંત કિરપા વિના સુક્રિત નવ સરે,
દુક્રિત જાય નહીં દેહ કેરુ; ટેક
હરખ ને શોક સંતાપ અતિ સંભવે,
દંભવે દુરમતિ લોક હેરુ. સંત કિરપા...૧

જીવપણું અતિ ઘણું જુગલ નરનારનું,
અહંપદ આપનું દીર્ઘ ડહેરુ;
ખબર નહી જંતને તંતુના અંતની,
સંચિત દ્રવ્ય કરી મેરુ મેરુ. સંત કિરપા...૨
ધરમ આગે ધરે કરમ કંઠે કરે,
પાપને નવ કહે આય નેરુ;
સત્ કુવેર કહે મૂઢ કાંઈ નવ લહે,
પુન્ય તાંહાં પાપ નાં હોય ભેરુ. સંત કિરપા...૩

# પ્રભાત પદ ૪

નિરખને નિરમળ દૃષ્ટિએ નૂરને,
બ્રહ્મનો ભાસ તે વિશ્વ માંહી; ટેક
સુરત નુરતે કરી ગુરુગમ ઉર ધરી,
સાવ નિરંતર એક સાંઈ. નિરખને...૧
વાપી ને કૂપ તડાગ નીરે ભર્યાં,
ચંદ્ર ને સૂરજ તેજ તાંહી;
બહાર કિલાહાર કિલોલ ક્રિડા કરે,
અચલ અડોલ આકાશ માંહી. નિરખને...૨

જીવ ને શિવ તે બાંધ્યા કર્મે કરી,
ચૈતન એક તે વિશ્વ માંહી;
વિવિધ વિગતે કરું જે જેમ તેમ વરું,
ભિન્ન ભિન્ન ભેદ તે ભાત માંહી. નિરખને...૩
ક્ષિતિ પાવક જલ પવન આકાશમાં,
તેજમાં તત્ત્વ તું સાક્ષી માંહી;
સત્ કુવેર કહે તું જ વિલસી રહ્યો,
તુજ વિના આન્ય તે કાંઈ નાંહીં. નિરખને...૪

# પ્રભાત પદ ૫

આદ્ય મધ્ય અંત કૈવલ સર્વોપરી,
તે હરિ હું વરી સત સોઈ; ટેક
કરમનો ભરમ તે મરમ સમજે સમ્યો,
જક્ત જંજાળની આળ ખોઈ. આદ્ય મધ્ય...૧
અંતઃકરણની ચતુર ચોરી રચી,
વિપ્ર ગુરુ ધૂન્ય મચી સમે વ્રતાઈ;
શબ્દ શરણાઈ ભવ ભાવ ભૂંગળ બજી,
શોક સંશે તજી હરખ હોઈ. આદ્ય મધ્ય...૨

મન વશ મીંઢળ લક્ષ દોરો મહી,
પ્રેમ પીઠી ચઢી અંગ મોઈ;
સત દૃઢ નેમ દો છેડલા ગાંઠિયા,
સુરતિ સંધાણ વરમાળ પ્રોઈ. આદ્ય મધ્ય...૩
મનોરથ માંચી મમ હરિ બુજ બાજટ,
અહંગને સહંગ મળ્યા હસ્ત દોઈ;
અહંગ ભુજ માહેરો સહંગ હરિનો કર,
અલખ ઈચ્છા વર ભાગ્ય મોઈ. આદ્ય મધ્ય...૪
બ્રહ્મ અગની જગ્યો ચિત્ત ચૉરી મધ્યે,
સંકલ્પ શ્રીફળ હોમ હોઈ;

જ્ઞાન ને ધ્યાન વૈરાગ ભક્તિ પદ,
મંગળ વરતિયાં ચાર ઓઈ. આદ્ય મધ્ય...૫
કરુણા કંસાર કરુણાકરે કર લીયો,
વદન માહારે દીયો મદન ગોઈ;
શીશ સમર્પણ વળી મેં કલવો લીયો,
હરિ મુખમેં દીયો લાજ લોઈ. આદ્ય મધ્ય...૬
ધરમ અરથ કામ ને મોક્ષ મુગતિ વળી,
ભામનિયો મળી અષ્ટ ઓઈ;
ગાવત ધોળ આનંદ અનુભવ અતિ,
જતિ સતી જાનનું મન મોઈ. આદ્ય મધ્ય... ૭

પૂરણ પરણી હરિ કારજ ગયું સરી,
જનમ ને મરણની ખટક ખોઈ;
કહે કુવેર અવિચલ ગ્રહે સૂત્રનું,
સુખ મુખસે જો કહી શકું ન કોઈ. આદ્ય મધ્ય... ૮

## પ્રભાત પદ ૬

કવન કારણ હવે જોગ જપ તપ કરું,
ધ્યાન જેહેનું ધરું તેજ પામી; ટેક
નિગમ કહે અગમ નિરાલંબ નિરગુણ પદ,
સો સદ્ સતગુરુ રૂપ સ્વામી. કવન કારણ...૧

વેદ વેદાન્ત પુરાણ ખટ શાહાસ્તર,
વ્યાસ વિનતી કરી થકિત હામી;
તે જ પરમેશ્વર પરમ પ્રગટ લહ્યો,
નવ કહ્યો જાય અવિગત અનામી. કવન કારણ...૨
સુનક સુખદેવ સિદ્ધ નારદ કપિલ દત્ત,
કબીર સત્ પાયે જે પદ વિરામી;
સંત સરવ સાખ્ય સંજુક્ત ભઈ મુક્ત મમ,
દેશ ડંકો નહિ વાત છાની. કવન કારણ...૩
ચૈતન આપ ચિદરૂપ ચિત્ત સનમુખ,
ધસમસ્યો ઉર વસ્યો ગગન ગામી;

કહે કુવેર કિરપા નિધિ કેવલ,
સંગ છોડે નહીં સોહંગ કામી. કવન કારણ...૪

## પ્રભાત પદ ૭

કોટિ જનમં તનું પુન્ય પ્રગટ હવું,
આજ અચરત નવું ભાગ્ય માહારે; ટેક
અનંત બ્રહ્માંડનું ભરણપોક્ષણ કરે,
તે હરિ ઉર ધરે નેહ લાહારે. કોટિ...૧
ત્રિગુણાતિત પદ દુર્લભ દેવને,
શેષ વિરંચિ શિવ ધ્યાન ધારે;

અચ્યુત અવ્યકત વિવ્યકત તે વરજીત,
પરણવ પાણ્ય મમ કંઠ ડારે. કોટિ...૨
અંશ ઉછાહની ચાહ ભઈ કામની,
ભામની ભાવ ધરી કરે વિહારે;
લેત આલિંગન પરસ પરમાતમા,
ત્રિયા તમ પલપલ નાં વિસારે. કોટિ... ૩
આપ અદ્વૈત રહી દ્વૈત સંગે રમે,
વિશ્વ વિલાસમે વારે વારે;
નિજ અનુકરમનો મરમ જન જો લહે,
ફરક કરતા સદા જો વિચારે. કોટિ...૪

ભવજળ ભરમમે અંશ અનવે ગતિ,
આપમે આપકો તરે ને તારે;
ડૂબતે નરનકુ તિરઈ તારણવત,
અલગ કરતા વિના કો ઓધારે. કોટી...૫
અવિગત્ય અકલ કરતાર કરુણામયે,
સતગુરુ સે લહે સદ્ વિચારે;
કહે કુવેર ભવ ફેર ફારગત્ય ભઈ,
પરમપદ મિલહી ભયો સકારે. કોટિ...૬

# પ્રભાત પદ ૮

સકલ વૈભવ તણું કારજ હાવે સર્યું,
સચ્ચિદાનંદ આનંદ વરતુ; ટેક
પિંડ બ્રહ્માંડનું સૂત્રસમ શોધતાં,
બોધતાં બુદ્ધ અઘાદ કરતુ. સકલ...૧
સ્થાવર જંગમ વિશ્વ ચરાચર,
જડ ચૈતન સરતું ને નરતું;
વસ્તુ વિચારતાં વિવિધ વગ નવ રહ્યું,
અખિલ ભવ અંશનો આદ્ય ધરતું. સકલ...૨

જીવ ને શિવ કૈવલ કારણ લહું,
પુન્ય ને પાપ અવતરતું ને મરતું;
સ્થાપ ઉથાપ મન વ્યાપ સમજે સમ્યો,
જક્ત જંજાળ ઉર આળ ધરતું. સકલ...૩
અંશ અસમી અજ ભવ વિષે ભોગિયો,
જોગિયો જતમત તેજ સ્વરતું;
કહે કુવેર યાંહાં યુગલ અવિલોકતાં,
હું તાહારી મોજને આદ્ય સર તું. સકલ...૪

# પ્રભાત પદ ૯

મોજ મ્હેમંત અલમસ્ત અનભે ફરું,
        દીન ઉર નવ ધરું ભિન્ન ભાગી; ટેક
અગમ અદ્વૈતમે દ્વૈત એકતાપણું,
        જ્ઞાન ગુણાતીત તણું ભાન ત્યાગી. મોજ...૧
વિશ્વ વિલાસ અતિહાસ અનવે ગતિ,
        રતિપતિની મતિ પ્રેમ પાગી;
અંતસકરણ ગુણ ઈંદ્રિ એકાદશ,
        સહિત પ્રકૃત મમ વ્રહિત જાગી. મોજ...૨

કીટ પતંગ વિષ્ણુ એકી વગે,
વસ્તુ જોતાં ઉદે અસ્ત આગી;
શિવશક્તિ પુનિ શેષ સત ઈશ્વર,
પુષ્ટિ પ્રક્રત ભઈ પ્રત પાગી. મોજ...૩
વેષ વિચિત્ર બહુ ભાત્ય વિવિધ વિધ્ય,
લક્ષ જોતાં નહીં પક્ષ રાગી;
સ્વે સર્વજ્ઞ તન અહંગ અનભે જગી,
દ્વેષ દુતીયો દધિ સ્વેત જાગી. મોજ...૪
એકોહંગ વ્યાપિ દુતિ નાસ્તિ ક્રષ્ને કહ્યું,
ઈશ પદ શું રહ્યું જુવોને જાગી;

કહે કુવેર સરવ સાર સિદ્ધાંત એ,
નિજપતિ પરમ સુધ કોહુ ન લાગી. મોજ...૫

## પ્રભાત પદ ૧૦

ભરમ તજી ભાવ ધરો ભુરચાં માનવી,
જાનવી ગુરુ લક્ષે જ્ઞાન ઝીલ્યો; ટેક
જ્ઞાનગંગા તણું પરસતાં પારખું,
અહંગ ઉદ્યોત અઘ ભરમ ભૂલ્યો. ભરમ...૧
કામ ને ક્રોધ મન વ્રોધ અહંકાર મદ,
સો સદ પરહરી પ્રેમ પીલો;

રાતદિન રસબસ એકતા અનુસરો,
ધ્યાન હરદે ધરો માન મેહેલો. ભરમ...૨
નિજપતિ પરમ પરપંચની પર સદા,
રચ મદા તે સદા રહે એકીલો;
અલખ અમાપ લખ માપ મમતા ધરી,
અખિલ ચહુ અંશ થઈ ખલક ખિલો. ભરમ...૩
સકલ સિદ્ધાંતનું સાર સંતો કને,
પ્રિછવા પેર ત્હાં મન મેહેલો;
પરમઅરથી સદા સંત અમી અરણવ,
પ્રણવ પુરુષ પરસાવે વહેલો. ભરમ...૪

આપ નિજ અંશ કરતારનો લક્ષ જે,
સદ્‌ગુરુ અરથ દે ત્રત સહેલો;
કહે કુવેર જંજાળ જન તું ટળે,
જઈ મળે જહાં હૂતો પૂરવ પહેલો. ભરમ...૫

## મંગળ પદ ૧

શુદ્ધ સતગુરુ શબ્દ વિચાર, જાહેર મન માહેરા;
જોને અહંગ આપ નિજ રૂપ, અનોપમ તાહેરા. ૧
સ્વામી અવિગત આપ અવ્યક્ત, શક્ત જેહેની સર્વમાં;
અવિન્યાશી અકળ અરૂપ, આવે નહીં ગરભમાં. ૨

ભિન્ના ભિન્ન દિસે જેનો અંશ, તંતુના ભેદ મેં;
ઘાટ નિમિત્ય મૃત્યુની માંય, આવે નહીં છેદ મેં. ૩
રવિ ચંદ્ર દષ્ટાંતને જોય, પ્રતિબિંબ ભંડિતા;
નીરપાત્ર ઉભયે વિલસાય, જ્યોત્ય નહિ ખંડિતા. ૪
જેહની ઉતપત પરલે નહી નાશ, વાસ અવિકાસ હે;
જેહેનો જમનોજમ સદાય, સ્વે પરકાશ હે. ૫
સહેજાનંદ આનંદ અબંધ, પુરાતન રહ્યો જથા;
સત્ કુવેરને દરશ્યા સોય, મિટ્યા સરવે મન મતા. ૬

# મંગળ પદ ૨

મન મંગળ આનંદ રૂપ, ભયા તબ જાંણ હી;
જેહનો શબ્દ વિવેક વિચાર, સંત પરમાણ હી. ૧
તેણ્યે પાંચ પચીસ પરાસ, આસ ઊલટી કરી;
તેને રોમ રોમ રરંકાર, રટત હે હરિ હરિ. ૨
જેને બોલત હી બુદ્ધિ હોય, શુધ્ય સાંમા જીવકુ;
તેહેને પ્રગટે ઉર અહંમેવ, લેવાને પીવકુ. ૩
જેહેની વાંણી તણો વિસ્તાર, અલક્ષના લક્ષની;
છૂટે જીવ શિવ સંશે ભ્રાંન્ત, કે પક્ષા પક્ષની. ૪

જેહને અનુભવ આઠે પોહોર, ખોજ પદ પરમની;
તેહેને વ્યાપી શકે નહી કાંય, કલ્પના કરમની. ૫
જેહેને મન બુધ્ધ ચિત્ત અહંકાર, ચાર અંતસકરણ;
તેથી નિરવરતી નિજદાસ, આશ હરિ કે શરણ. ૬
પરમાનંદ આનંદને જોઈ, બુદ્ધિ સરવ વિસરી;
ભઈ સૂરત નુરત એકતાય, કુવેર નવ નિસરી. ૭

## મંગળ પદ ૩

પરમઆનંદ સાગર સોય, સદા લગી ઝીલીયે;
સુધા અમ્રીત પે અતિસાર, પીવાય તેમ પીલીયે. ૧

જેના અણુને સોમે ભાગ, નવે નિધ્ય સિધ્યને;
નવ પોંહોંચે સુરેશ લગાર, કહું કઈ વિધ્યને. ૨
જેહેના ચિતવનમેં જુગ ચાર, સાર કિલા કરે;
સમે ચિતવન ચારુ મહાંય, કાંય નવ ઊગરે. ૩
જેહેના રોમ તણો પરકાશ, વાસ સુખ રહ્યો સંગે;
જેમાં વરતે ચૌદેય લોક, સુરીનર અજ લગે. ૪
કોટિ રવિ શશિ તેજ ઉદ્યોત, શોભા નક્ષની સહી;
સ્વાંમી અપરમપાર અલેખ, અલપ ઉપમા કહી. ૫
જેહનો વાર પાર નહીં અંત, સંત સરવે કહે;
કહે કુવેર અલપ મતી જીવ, મહિમા તે શું લહે. ૬

# મંગળ પદ ૪

એવા સાહેબ પામવા સાર, સંતોને સેવીએ;
ન સરે કારજ કિંચિત એક, પૂજા ફળ દેવીએ. ૧
ગુરુ જ્ઞાન ધ્યાન અવિલાન, અહોનિશ કીજીયે;
આઠે પોહોર અંગ ઉમંગ, પરમ રસ પીજીયે. ૨
તેને નવ રહે જીવ જંજાળ, પાલ મનને વિષે;
નવ વ્યાપે રાગ ને દ્વેષ, રહે સત્‌ગુરુ પખે. ૩
તેનું સમરણ શુદ્ધ વિચાર, સંત નિશ્ચે કર્યા;
કોટિ વિષ્ણુ અનંત અપાર, એહી વિધિ ઓધર્યા. ૪

એહેવી સાખ્ય સકલની જોઈ, મોઈ દ્રઢતા ભઈ;
સત્ કુવેર ગુરુના ચરણ, છાંડી નવ જાય કઈ. ૫

## મંગળ પદ ૫

ખોજો ગુરુગ્યમ વારમવાર, સાર સુખ પામવા;
રાખો ઉર અંતર અહમેવ, ભવ દુઃખ વામવા. ૧
શિખ સહસ્ત્ર જનમની હોય, હરિ ત્હેમાં ગતિ;
તેહેને પ્રગટે વ્રેહ વૈરાગ, આવે શુદ્ધ ગુરુ ગતિ. ૨
જેહને અજપદ ને કૈલાસ, વાસ મન નવ છકે;
સુખ ચૌદ લોકનું જેહ, તણાવંત્ કરી લખે. ૩

તેહેની બુદ્ધિ બેગ બિલાહાર, જાહેર થઈ ઝૂઝવે;
જેહેના જ્ઞાન ખડગનો ઘાવ, કોઈ નવ રૂઝવે. ૪
જ્ઞાન ખડક ઘાવની પીર, ધીર કોઈ નવ ધરે;
સત્ કુવેર ગુરુ પરતાપ, શબ્દ સનમુખ લરે. ૫

## મંગળ પદ ૬

લાગી જ્ઞાન શબ્દ કી ચોટ, ઓટ કીસકી ગ્રહું;
તોડી અજ્ઞાન આવરણ ઢાલ, જીવ તો કેમ રહું. ૧
સંગી માર્યા પાંચ પચીસ, શિશ સબ છેદીયા;
કાયાનગરની માંહી, અમલ ગુરુકા ભેદીયા. ૨

કિની દશ દરવાજે સાહાય, જાય ચોકી બેસવા;
કામ ક્રોધ લોભ મદ ચોર, દેવે નહીં પેસવા. ૩
કિની કબજે ચારુ વરણ, અમલ આપકો કર્યો;
હાર્યો કાયાનગરનો રાય, ગુરુ ચરણ્યે પડ્યો. ૪
એહેવી નિષ્ઠા નમણતા જોઈ, ગુરુ રાય રીઝીયા;
કરી કરુણા કુવેર શિર હાથ, ફેરી રાજ દીજીયા. ૫

## મંગળ પદ ૭

શુદ્ધ સમજ વિવેક વજીર, ધીર જોઈ આપીયો;
કર્યો કુબુદ્ધિ ઉચાકર જેહ, આગ્યે હુતો પાપીયો. ૧

દીયો દયા જાણીને દયાળ, ધરમ કોટવાલકુ;
કીયો કામ કરાવન એહ, નગર રખવાલકુ. ૨
શીલ સહેજ સંતોષ ને સત્ત્વ, શ્યાંમના સંગના;
દીના પલંગ પટાવત ચાર, આપના અંગના. ૩
કીનો સનમાન શુદ્ધ સહુકાર, કાર નાણાં તણો;
જોયે ખરચવા વાપરવા જેહ, દ્રવ્ય આપે ઘણો. ૪
સહુ શહેર કર્યું સુખરાજ, નવે નિધ્ય સિધ્યમેં;
તબ ફર ગઈ સત દુવાઈ, રાઈ રસ રિધ્યમેં. ૫
કીનો અમલ અનેરો આપ, કાંમ સબ કેજમેં;
સત્ કુવેર આત્મ આપ રાય, સુતા સુખ સહેજમેં. ૬

# મંગળ પદ ૮

જેહને ઈંગલા પિંગલા નાર, સૂક્ષમણા શાહને;
ઢોળે વ્રેહે વેઝણીયે વાય, સ્વામી સુખદાયને. ૧
ચોથી સુરતી સોહાગણ જેહ, નેહ કરે નાથસુ;
ધરી તન મન જીવન પ્રાણ, તાળી લે હાથસુ. ૨
નેક નુરતી લગાવે નૈન, બેન રસ રિત્યનાં;
કરે પલક પલક પિયુ પ્રેમ, પોતની જીત્યના. ૩
સુધ્ય વરતી સોહાગણ નાર, પ્યાર પિયુને ઘણી;
લેહે હેલ્લા માત્રની માંહાંય, હરિનું મન હણી. ૪

બુદ્ધિ શુદ્ધિ નિધિ સરવ લેઈ, પૂજાને કારણે;
લાવે નિત્ય પ્રત વારમવાર, ધરી મન ધારણે. ૫
ભક્તિ મુક્તિ જુક્તિની જાણ, પાણ્ય જોડીને રહી;
કરે સેવા સ્વામીની સદાય, નાર દશધા સહી. ૬
સિદ્ધિ ખટ દશ પંચને દોય, દસે એની દાસીઓ;
નિધિ પંચ ચતુરધા સોય, સેવાને ખાસીઓ. ૭
મળી સરવે સુલક્ષણા નાર, વિહાર હરિ શું કરે;
કહે કુવેર આતમ અણલંગ, રંગથી રહે પરે. ૮

# મંગળ પદ ૯

રંગ અંગ આતમની સંગ, કહુ દૃષ્ટાંત સે;
દેખી વરુણ શીતલ વિધિ હોય, દૃષ્ટ સૂર ક્રાન્ત સે. ૧
સાખ્ય આન્ય બતાવું સોય, સંશે સરવ નિસરે;
નવ રહે અંતર એક લગાર, સમજ શુદ્ધિ પરે. ૨
રાખી ચમક પટંતરે કાચ, લોહા પૂતળી ધરી;
નહી ચમકને ચિતવન કાંય, ચૈતન થઈ પરવરી. ૩
જઈ ખાપ રહી ખટકાઈ, સાંઈ ભેટ્યો નહિ;
ધાતુ પૂતળી રૂપરંગ સહિત, રહી અહીંની અહીં. ૪

કાચ ચમક બીચે ફરે પાણ્ય, આણ્ય પલમેં પરે;
છોડી કાચ કામીની તાંય, કાંઈ લટકાં કરે. ૫
દેખી ચમક ચપળતા નાર, પ્યાર પિયુને સહી;
એહેનો સનેહ શિરોમણિ સાર, ચમકને ચિંતવન નહીં. ૬
સ્વામી સમ્યક રહ્યો સમતોલ, ઓલ મન માયને;
નીચે વર્તે સહુ સંસાર, સામ્રથની સહાયને. ૭
ઘાટ નિમિત્ત મૃત્યું કરે કાળ, પાળ પલ મેં પરે;
તાતે વૃદ્ધિ પામે સંસાર, મરે ને અવતરે. ૮
નવ મંગળ નવ નિધિ જ્ઞાન, ધ્યાન હરદે ધરે;
ઉતકૃષ્ટ પણે પતિ પાય, કુવેર જે પરમ પરે. ૯

# ભાલ તિલક માહાત્મ્ય

ભાલ તિલક ઓરુ ભજન કૈવલ કા,
જમ જુથ કુલ નહિ ડરપ અમલકા;
તિલક ભાલ અનુભવ એહી નિરણુ,
મહિમા અતુલ ગતિ કાહા મમ બરણું. ૧
જાહિતે સંબંધ નિજ પદ અનુરાગા,
ક્યાં ન કરહી તેહી તિલક અભાગા;
નિજ પદ લક્ષ કૈવલ સદ સોઈ,
તાહિકે તિલક ભાલ કહેહુ જે મોઈ. ૨

તિલક ભાલ ભવતનકુ વેધે,
અણી અગ્ર કાલજ કર્મ છેદે;
કૈવલ પદ ભક્તિ જીનું જાની,
તિલક ભાલ તનુ અંક નિશાની. ૩
કહું જિનું વરણ તિલક રંગ વેશા,
રક્ત સ્વેત ઉભય અણિ રેષા;
અબ તુમ સંત સકલ મમ દાસુ,
ધરો એહી તિલક નિઃશંક નિસવાસુ. ૪
અતિ દ્રઢ અડંગ મતે મસ્તાને,
ફરો ફંદ ફરક તરક જગ જાને;

નિડર નિહંગ સિંધ સમ સાધુ,
રહો ઉત્કૃષ્ટ, સૃષ્ટ મહી બાધુ. ૫
એહી વિધિ વિચરત નર ઓરુ નારી,
સોહી જન કૈવલ પદ અધિકારી;
તેહી અધિકાર સાર શ્રુતિ અંતુ,
યાહિતે અધિક નહિ પદ પરંતુ. ૬
એહી નિજ તિલક નિરૂપણ,
ખુદ ઘરકા શિર તોર;
તેહી તજી ઓરુ તન અરચહી,
નિજ પતિન કે અતિ ચોર. ૭

# ભીતર ભાલતિલક માહાત્મ્ય

ત્રધા ત્રિવેણી લેલાટ હી જ્યોતિ,
એ ઉપલે આકાર ઉદ્યોતિ;
અબ કહી દઉં ભીતર ભલ ભેદુ,
તિલક ભાલ સમજણ ગત વેદુ. ૧
ચંદ્ર સૂર હોય ત્રિવેણી સંબંધા,
જબ પ્રકૃતિ સ્વાંત પાયે ધંધા;
નેન નાસિકા ત્રિયે તંત સારા,
તબ સુલજે નિજ લક્ષ વિચારા. ૨

સોઈ ત્રિયે તન મિલી તિલક હી ભાલુ,
ત્રિકુટી મધ્ય કીયો ત્રધા વિશાલુ;
અની અગ્ર સોઇ અની નિકાસી,
સરિ બિચ સો નિજ સુરત વિલાસી. ૩
ભીતર તિલક જ્ઞાન કહી ગતિયાં,
સો નમુને શિર ધરે જતમતિયાં;
સૂનો મમ સંત સજન હી સમેતુ,
તિલક જ્ઞાન અરથ કિયો સંકેતુ. ૪

# કૈવલવેત્તા સ્તુતિ

કૈવલવેત્તા પુરુષ પરાય,
અબ સ્તુતિ કરું મેં તાય;
જયેતિ જયેતિ જુગ તાત તમો,
નિરાલંબ નિરલેપંગ રમો. ૧
મહા મંગળ મત પરમ ઉદારી,
અનંત ઈડ પર સુરત તમારી;
અખે અમરપદ કૈવલધામ,
તાંહાં વૃત્તિ પામી વિસરામ. ૨

એકમેક આંહાનાં આંહાં ત્હાંય,
સકલ ભેખના સતગુરુ સાંય;
પંચભૂત સોતા ભગવંત,
લહે નહિ કોઈ આદ્ય ને અંત. ૩
શ્રુતિ સ્મૃતિ શું કહે કથી,
તોલ તમારી બીજું નથી;
તો ઉપમા શી દીજે તાત,
માટે રહી અબાજગ વાત. ૪
તમ સરખા તો એક જ તમે,
વિશ્વ બર્ઈ અમી તુમ જમે;

જેને ઉર અનુભવ હોય સાર,
તે પામે કોઈ ગતિ તુમાર. ૫
કોમલ વચન શીતલ શશુદામી,
પાહી પાહી ગુરુ તુમ પરણામી;
જ્યેતિ જ્યેતિ ગુરુ પરમ નિધાનુ,
મેટો મમ ત્રાસ પાસ અજ્ઞાનું. ૬
સકલ દેવ દેવન કે હો દેવા,
પરમ કૃપાળુ દયાલ સભેવા;
તુમ બિનું સહાય કરન કોહું નાહિ,
લોક ચતુર્દશ ઉતઇત માંહી. ૭

નિજ મમ સ્વરૂપ પંચતનુ પારી,
સોહી દર્શાવો ગુરુ કરુણા પસારી;
ઓરુ નિજ ઘર કર્તા તુમ ગાવા,
તાહી લખવાવો જાહી સે હમ આવા. ૮
એહી પરકાર કરહી જબ સ્તુતિ,
ગુરુપદ પ્રેમ ધરહી મજબૂતી;
રીઝે ગુરુ જબહી અગમ ગમ દાતા,
દેઈ સર્વ લક્ષ કરહી સુખ સાતા. ૯

# પ્રાતઃકાલ ઉપાસના વિધિ – મંગલા આરતી

મંગલા આરતી કરત મોદિત મન,
ઉર અંતર આનંદ ભરી. ટેક
તનકી આરતી તત્ત્વ પંચમુખ,
ઈન્દ્રી એકાદશ બાતી કરી;
તૂપ પ્રકૃતિ ભીંજાઈ બતિયાં,
બ્રહ્મ અગ્નિસે જ્યોત જરી. મંગલા ૧
ચિતવન ચંદન ચૈતન અરચન,
અનુભવ શંખ લીયો સમરી;

અધુધુ શબ્દ અગમ અગોચર,
સદ્‌ગુરુ કહત પોકાર કરી. મંગલા ૨
અગ્રબતિ વૈરાગ વિશેષણ,
પ્રેમ પુષ્પ ધર્યો હાર હરિ;
જ્ઞાન ઘડિયાળી ગિરાજન કારણ,
લોક ચતુર્દશ ખબર પરી. મંગલા ૩
લક્ષ નિરાજન નિરખત નિશદિન,
પતિ સનાતન ભાવ ભરી;
કહે કુવેર એસે હરિકુ,
તન મન સહિત રહો સમરી. મંગલા. ૪



# શણગાર આરતી

આરતી મહારાજ રાજકી,
મંગલ મનોરથ ભાવ ભરી;
અગ્ર કપૂર સુગંધ સોહાવત,
બાતિ એકાદશ અજ્ઞ જરી. ટેક

ભાલે તિલક કે સરકો જ્યું રાજે,
ચમ્મર શિર પર છત્ર ધરી;
કૌસ્તુભ મણિ ઉર અતંત શોભા,
નિજાનંદ ઘનશ્યામ હરિ. આરતી ૧
બાજિંત્ર બહુ વિધ વિધ બાજે,
નિગમ વદે જશ હેજ કરી;
શારદ સુર સમીપ સબ ઠાડે,
અજ ભવ શ્રીપતિ સૂરત ધરી. આરતી ૨
સંત સજન સબ સનમુખ ઠાડે,
અટકી સૂરત કર જુગલ જોરી;

કિયે ઉત્પન્ન અંશ આપયુ જાની,
દષ્ટ કરુણા સબ પર પસરી. આરતી ૩
દાસ નારણ આરતી કીજે,
રીઝ પદરજ અધિકારી;
સર્વાતીત ઈશપતિ સબકે,
સોહી પ્રભુ ખેલે જન સંગ હરિ. આરતી ૪

**જય વિધી**

**આદ્ય સક્રત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# કર્તા સ્તુતિ

અહોનાથ નાહં જાનામી જાનામી,
મંદમ્ મમ મતીયમ્ તમો સદ્ગતિયમ્;
હોહુ આપકુ સર્વમ્ પહેચાનમ્ દિવ્યાનમ્,
તનુ તત્ત્વે તાયમ્ રતિયમ્ રતિયમ્ . ૧
અહોનાથ નાથમ્ નિરવાણમ્ નિરાલંબ,
ત્રિકાલમ્ નિહાલમ્ વિક્રાલમ્ નયેતિ;
સસ્વમ્ સર્વ ભૂતાનમ્ સપ્રાણમ્ સતંત્રમ્,
વિતરેણમ્ વ્રતાર્ણમ્ કર્તારમ્ સખેતિ. ૨

અહો નાથ હો તુમ વિદ્યાનમ્ સિધંતમ્,
વિત્તમ સત્ નિદાનં સમાનમ્ ધાનામિ;
શ્રવ્યાણમ્ મંત્રેણમ્ કલેદં વ્યહં અંત્રેણમ્,
ચૈતનમ્ કરનારમ્ પ્રણંતમ્ નમામિ. ૩
અહોનાથ સ્વાધમ્ સર્વજ્ઞમ્ વાદમ્,
અનંતમ્ અઘાદમ્ બોધંતમ્ સનાદુ;
વિશ્વતમ્ વિલાસમ્ સોહંસમ્ અધ્યાસમ્,
વિલંતમ્ વિનાસમ્ સદા તુમ અનાદુ. ૪
અહોનાથ આરમ્ પુનિપદ પારમ્,
નોધારમ્ ઓધારમ્ અપારમ્ નિરંતુ;

તત્ત્વ સ્વમ્ સમાસમ્ અખંડમ્ અનાસમ્,
સમૃતમ્ સલોમમ્ ઉત્પનતમ્ કરંતુ. ૫
અહોનાથ ક્ષાતમ્ નરપક્ષમ્ અજાતમ્,
વિવિધં તમ્ વિભાષમ્ એકોહં અદ્યાપિ;
આરંધમ્ ઉરંધમ્ મધ્યાનમ્ મહંત્તમ્,
અથાહમ્ અથાહમ્ અથાહમ્ અમાપિ. ૬
અહો નાથ સ્વામી મનુ તન ધરામી,
અકામમ્ સકામી જીવમ્ પરમઅર્થમ્;
ભયે ભેખ ધારમ્ શશાન્તિ સકારમ્,
હરંતમ્ વિકારમ્ હકારમ્ સમરથું. ૭

અહો નાથ આની કૈવલમ્ નિશાની,
સોહુ હમ જાની આપો આપ આપમ્;
આતંતમ્ આક્રંતમ્ પ્રકાશમ્ પ્રવેણમ્,
નરવેદમ્ વિજ્ઞાનમ્ વદે લક્ષ વ્યાપમ્. ૮
અહો નાથ હો હમ શરનમ્ તુમારમ્,
રખો નિત્ય નિત્યમ્ સદાયમ્ સધામી;
અગુનમ્ અનેકમ્ અહં ત્વમ્ સહેકમ્,
કૃપાલમ્ દયાલમ્ કુવેરમ્ અકામી. ૯
અહો જક્ત નાથમ્ સર્વમ્ માત્ તાતમ્,
અનાથમ્ કે નાથમ્ સહેજાનંદ સભાવુ;

અખિલમ્   સમાનમ્   દષ્ટિયમ્   ધરંતમ્,
કરુણાયમ્   કુવેરમ્   કધીનમ્   કભાવું. ૧૦

(સાખી)

ભક્તિ જ્ઞાન વૈરાગ કે, સકલ શાસ્ત્ર ફલ ટેર;
સહુ સંપત્તિ સુખ પાઈએ, ભેટત શ્રીમત્ કુવેર. ૧
ચિદાનંદ ચકવે પતિ, ગતિ કરન મન સ્વાંત;
આયેહુ જુગ દરશાવવા, ઘટ ઘટ કૈવલ ક્રાંત. ૨
રોમ રોમ રજ રજ ગતિ, મતિ મનોહર જ્ઞાન;
દિવ્ય દેશ વિવિધ વિધ, કરી ગયે સકલ પહેચાન. ૩

ઉચરે ગ્રંથ અગાધ હી, કલિમલ હરન અજ્ઞાન;
નાથ કરનકું દે ગયે, સજજનકુ પયપાન. ૪

**જય વિધી**

**આદ્ય સક્રત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# પ્રકંમા (પરિક્રમા) ૧

ચાલો સંત સજન, પ્રકંમા પ્રભુની કરો જો;
શ્રીમત્ કુવેર ચરણ શીશ પ્રીતે ધરો જો. ટેક
કદમ એક કોટિ યજ્ઞફળ પામશો જો;
ચોરાશી લક્ષ જનમ કેરું દુઃખ વામશો જો. ચાલો ૧
ચતુર આંટીઘાંટી ખાણ ચતુરની ટળે જો;
પંચમી પ્રકંમાએ અચળ પદવી મળે જો. ચાલો ૨
કનક દંડવત્ નમી પાયે જે પરે જો;
સપ્તગોત્ર લઈ પરમપદ પરવરે જો. ચાલો ૩

ચરણ સેવા સુખની શિર સાધન સૌ ફળે જો;
ગ્રહી ચિંતામણિ જેણે હાથ ધારે તે મળે જો. ચાલો ૪
બિનુ ચેન ચરણ ચાહો મત કોઈના જો;
પ્રગટ જક્ત ગુરુ શરણ ગ્રહો ઓયના જો. ચાલો. ૫
સુખના સાગર દુઃખ નિકંદન કરનાર છે જો;
ભયે દરશન ધન્ય તેનો અવતાર છે જો. ચાલો. ૬
ખુદ ખાવન ખલક પાવન કરન આવીયા જો;
અખંડ જ્ઞાન ચરણ ચેન જોને લાવીયા જો. ચાલો ૭
અંકુશ અમર કુલીશ કમળ જવ્ય શોભિતા જો;
ધ્વજા ધેનુપદ શંખ ચક્ર ઓપિતા જો. ચાલો. ૮

સ્વસ્તિક જંબુફળ કલશ સુધા સાર છે જો;
અર્ધચંદ્ર ખટ કુન મીન આકાર છે જો. ચાલો. ૯
બિંદુ ઉરધરેખા અષ્ટકુણ અંગમાં જો;
ઈન્દ્રધનુષ ત્રિયેકુણ ધારી તનમાં જો. ચાલો. ૧૦
કરુણાસિંધુ કુવેર પ્રગટ જુગમાં હરિ જો;
અંગ રંગ અનંગ છબી સુરત ત્યાં વરી જો. ચાલો. ૧૧
સોળે કળા સમપૂરણ સર્વે સાજ છે જો;
નારણદાસ કહે એવા મહારાજ છે જો. ચાલો. ૧૨

# પ્રકંમા ૨

કૃપાસિંધુ શ્રીમત્ કુવેર મુજને મળ્યા જો;
જનમ મરણ ભય સંશય સર્વે ટળ્યા જો. ટેક
સુખ સદન મુખ બેન યેન સંતનું જો;
કરુણાદષ્ટ પાયો મૂળ નિજ તંતનું જો. કૃપા ૧
સજ્જન સહાય કરન કાયમ કર્તા હરી જો;
અખિલાનંદ ખીલે ખલક પે કરુણા કરી જો. કૃપા ૨
કામધેનુ કલ્પતરુ ચિંતામણિ જો;
ચરણ કમલ સુખ શિરતા તે ધણી જો. કૃપા ૩

નિજાનંદ ગુરુ ઘનશ્યામ મૂરતી જો;
દીક્ષા લેઈ અંશ ચરણ પ્રોઈ સુરતી જો. કૃપા ૪
મીરાલ મગ ચરણ ચાલ ચતુરા હરિ જો;
પ્રગટ દેદાર સુખ મુખ બેન સુર સરિ જો. કૃપા ૫
નેત્ર વદન ચંદ્ર ભ્રકુટિ નિજ ઓપતી જો;
અનંત અનંગ છબી સૂરત જન રોપતી જો. કૃપા ૬
સુધા સાગર શ્રીમત્ કુવેર સુખદે ભર્યા જો;
દાસ નારણ બિંદુ એક ચરણમાં વર્યા જો. કૃપા ૭

# પ્રકંમા 3

અલ્યા પૂર્વેની પ્રીત જેને હશે જો;
ચરણ શ્રીમત્ કુવેરને તે વસે જો. ટેક
છાયા હુમાહુની જે જન પર જશે જો;
ક્ષિતિરાજ સુખસાજ તેને થશે જો. અલ્યા ૧
અનલ ઈંડ છોડી રહી ગગને વસે જો;
સુલજે ઈંડ બાલ માત ભેલાં થશે જો. અલ્યા ૨
કુંજી દૂર ઈંડ છોડી ચારે ઘસે જો;
અપત્ય આશ બાલ માત ભેગાં થશે જો. અલ્યા ૩

સુક્તિ શરદ ઋતુ પ્રીત બુંદની હશે જો;
નીપજે મુક્ત મહાઠામ તે પામશે જો. અલ્યા ૪
પતંગ પ્રીત દીપ સાથે જઈને ફસે જો;
તજે પ્રાણ ક્ષણુ એક દૂર નવ ખસે જો. અલ્યા ૫
ચકોર ચંદ્ર પ્રીત લગ્ન અગન પર ધસે જો;
ભખત જીવત અંગાર દગ્ધ કરી નવ શકે જો. અલ્યા ૬
નિજાનંદ ફરક ફંદ ગરક જ્ઞાન સે જો;
કરુણાસિંધુ કુવેર મિલે ભક્તિ પ્રેમસે જો. અલ્યા ૭
નારણદાસ ચરણ આશ ચિત્તમેં વસે જો;
હૃદય કમળમાંથી પ્રભુ દૂર નવ ખસે જો. અલ્યા ૮

# પ્રકંમા ૪

સંત સજ્જન સુણો સિપાઈ સત્‌ગુરુ તણા જો;
શસ્ત્ર સજ્જ કરી આપ્યો તો તેમાં નહી મણા જો. ટેક
હમિલ આદ્ય હંમેશ ડારી માળા કોટમેં જો;
ફરું નિરભે ડરું નહીં કાળ ચોટમેં જો. સંત ૧
ખમૈયા ખાડું ધીરજ ઢાલ જમૈયો જતમતે જો;
કામ દહન કટાર કસ્યો નિજ સતવતે જો. સંત ૨
બુદ્ધિ બંધૂક મનકો બારૂત ગોળી ચિત્ત ચળે જો;
અહંકાર અગનપલિતો પ્રેમ નેમ સર્વે પળે જો. સંત ૩

શબ્દ ધનુષ સુરત સર ગમ ભાથો ભર્યો જો;
જ્ઞાન બળે ભક્તિ કળે ત્યાગ દીયો પરો જો. સંતો ૪
ધરમ બખ્તર ઢાંકણ શરીર કેરું કર્યું જો;
અનિત દોષ કરમ દેહ થકી રહે પરું જો. સંત ૫
ભાવ ભલક નેકના નેજા તહાં ફરફરે જો;
દુષ્ટ દુરબુદ્ધિ દલ દેખીને તહાં થરથરે જો. સંત ૬
અશ્વ ઉમંગ લહે લગામ છોગાં છમછમે જો;
ભોવન ચર્તુદશકી પાર કદમ ધમધમે જો. સંત ૭
સહેજ પલાણ સમજ ચાબુક કરમાં ગ્રહ્યો જો;
ઉમંગ અશ્વ ચલાવવાનો ભેદ સર્વ લહ્યો જો. સંત ૮

એ સબ સાજ સજકે સાન્નિધ્ય ગુરુને ગયો જો;
ઊભો કુનસ્ત કરી પટો દયા ધરીને દીયો જો. સંત ૯
શ્રી સરકાર શ્રીમત્ કુવેર મહારાજ છે જો;
નારણદાસ ખાના જાતના ધિરાજ છે જો. સંત. ૧૦

## ગુરુ સ્તુતિ

પ્રથમ વંદુ ગુરુ સત્ સ્વામી,
સકલ ગુણ ગતિ સાગરમ્;
તા ચરણ રજ લેઈ ધરુ શિરપર,
ધો ગતિ અગમ ઉજાગરમ્. ૧

ત્યાગ ભક્તિ પુનિ પ્રેમ જ્ઞાન નિજ,
અખંડ અનુભવ દીજીયે;
કરી કરુણા પ્રભુ દીન જાણી,
જન આપનો કર લીજીયે. ૨
જયેતિ જયેતિ જુગ તાત સ્વામી,
અંતરયામી આપ હો;
ઉપાયે અંશકુ દક્ષ દેવા,
જ્ઞાન મેવા લાયે હો. ૩
અમૃતફલ નિજ મોક્ષ લાયે,
પાયે સંત સજન ભયે છકીતમ્;

દુષ્ટ જીવ દુરમતિ કે ઘેર,
ન પાયે ભયે દુખિતમ્. ૪
ઉભયે જનકુ સુખ સાહેક,
સુણો સંત સચેતનમ્;
જ્ઞાનહીન જગ ભિન્ન જડવત્,
સ્થાવર સમ મનુ વેતનમ્. ૫
ઉમંગ નહીં નભ ઘન ન ગરજત,
વરસત નહીં બિનું પ્રોજનમ્;
સિંચત બાગ જબ શિર નિયંતા,
કાજ અકાજ સબ પ્રોક્ષનમ્. ૬

ઉપજ સમી ફલ બીજ વાડી,
બિનું ફલ વૃક્ષ અખંડનમ્;
લાભ લિંન ભિંન વૃત્તિ નાયક,
સિંચત નહિ તરુ વૃંદનમ્. ૭
વિશ્વ બાગ કર્તા વૃત્તિ પ્રેરક,
સિંચત ઘન સુખદાયકમ્;
જ્ઞાન જદીપ જગત્યે સબ જાવે,
મનુ શ્રેષ્ઠ ન સરાયકમ્. ૮
સ્થાવર જંગમ સમ સૃષ્ટિ,
પૃષ્ટિ કરન પ્રીછયું તે નહીં;

બિનુ પૃષ્ટિ પરલે સબ જાવે,
ફેરી રચતાં પ્રેહતન સહી. ૯
નિજપતિ ઇત હેર આજ્ઞા દેઈ,
આપ અંશ પઠાવનમ્;
બિનું નિજ જ્ઞાન જગત જન પરલે,
સરલ ગેલ નહિ પાવનમ્. ૧૦
દયાવંત અનંત ગતિ જીનું,
ગવન સંત સંગ શોભિતમ્;
ગગન ઉડગન ચંદ્ર શોભે,
અનંગ છબી સુરત જન લોભિતમ્. ૧૧

કળા ખટદશ નિધ્ય પૂરણ,
સિદ્ધિ અષ્ટ ચરણે વસે;
દેવ ચતુર્દશ સેવા કારણ,
લાયે આપ સુરધામ સે. ૧૨
અધર તખત પર અરસ આસન,
દરશત હી દિવ્ય નેતરમ્;
લક્ષાતીત્ પક્ષતે વરજિત,
સોઈ સત્ગુરુ તતપરમ્. ૧૩
અવન્ય અંકુર બીજ જેતા,
સદા સમ વિનું જલ રહે;

અરસ નીર જબ પરસ પાયે,
ઉદે અંકુર સન્મુખ રહે. ૧૪
સઘન ઘન નીર શુદ્ધ કરુણા,
શ્રીમત્ કુવેર કી જબ થઈ;
અંશ અંકુર ઉદયે અચલ મતિ,
નિજપતિ સનમુખ દૃષ્ટ ભઈ. ૧૫
તેજ પુંજ તનુ વિશેષ વિભૂતિ,
શક્તિ જ્યોત નહીં પાવનમ્;
અજ ઉમિયાપતિ શ્રીપતિ શારદ,
શેષ સહસ્ત્ર મુખે ગાવનમ્. ૧૬

સંત સહાય કરન નિજ કર્તા,
ભક્ત વત્સલ નર તનું ધરે;
શ્રીમત્ કુવેર સબ સુખ કે દાતા,
દાસ હેતુ ડોલંત ફિરે. ૧૭
ફિરત ભવ ભીડ ભંજન પ્રભુ,
કરન કાજ સબ જીવનમ્;
અસંખ્ય જીવ ધણી ધામ પઠાવત્,
બંદી છોડ બ્રદ વંદનમ્. ૧૮
તિલક ભાલ વિશાલ લોચન,
અધુર અનોપમ શોભિતમ્;

નિજાનંદ ઘનશ્યામ મૂરત,
સંત જનકે મન લોભિતમ્. ૧૯
પાણ્ય જોડી શિર નાઈ સેવક,
દાસ નારણ કરે વિનંતિ;
માગું પ્રેમ ભક્તિ ચરણ સેવા,
યશ ગાવા અનુભવ ગતિ. ૨૦

**જય વિધી**

**આદ્ય સક્રત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# ગુરુ મહિમા

પ્રથમ પરમગુરુને નમુ, દીયે કર્તા સંબંધી જ્ઞાન;
આપનપુ પતિ જાણ કે, તજે જક્ત અભિમાન. ૧
જગબંધન અતિ જનકુ, તન મન કીયે બેહાલ;
મહા વિકટ કળિકાળમાં, પ્રગટે દીનદયાળ. ૨
અનંત બ્રહ્માંડકી વિભૂવિત, પ્રગટ ચિન સંયુક્ત;
ધન્ય પરમગુરુ પોમી પર, અંશ કરનકુ મુક્ત. ૩

(રાગ - મોતીદામ છંદ)

પતિપદ પરમગુરુ એકમેક,
સમજે જે સંત એ મોટો વિવેક. ૪
અકળ કળા ન કળે કોઈ જંત,
એવી ગતિ પરમગુરુની અનંત. ૫
અનંત બ્રહ્માંડાધીશ કહાવે,
તેનો લક્ષ પરમગુરુ યહાં લાવે. ૬
સર્વાતીત સર્વેશ્વર સ્વામી,
તેનો લક્ષ દેવાને કોક જ દામી. ૭
નિગમ નયેતિ કહે નિરધાર,
સામાન્ય જીવ ન જાણે સંસાર. ૮

રચ્યો જેણે જક્ત સકલ પસાર,
જોયે જમ તમ દે તહાં આહાર. ૯
એવા સુખદાયક લાયક સ્વામી,
તેને ન ભજાવે ભરી કોઈ હામી. ૧૦
હિંમત વિના જો હામી ભરી જે,
શરણે આવે તેને તે શું પદ દીજે. ૧૧
એવા ગુરુ ઠગ ઠગે સહુ લોક,
પતિપદ સાચુ લહ્યા વિના ફોક. ૧૨
પતિપદ પરમગુરુ એક જાણે,
ભવેલાં પદારથ સહુ વખાણે. ૧૩

ભવેલાંને જે કોઈ કહે ભગવંત,
એવા ગુરુ બાદલ સંત અનંત. ૧૪
પરમગુરુ નિજપતિના વેત્તા,
ભૂલાયા જીવ કીયા તે સચેતા. ૧૫
પતિપદ દર્શાવે દિવ્ય નેંન,
દેખાડે સર્વ અંશોનું યેંન. ૧૬
કરે અંશ પોતાને ઘેર નિવાસ,
એવો ગુરુ જ્ઞાન ગતિનો પ્રકાશ. ૧૭
એવા ગતિયારા ગુરુને જે પૂજે,
તેના ઘટમાંહી ગતિ બહુ સૂઝે. ૧૮

અનુભવાનંદ આનંદનો કંદ,
સંશે ગર્ભ સંકટ ટાળે ફંદ. ૧૯
ગુરુ હુમાહુ છાયા કૃપા પસારે,
કર્તા શરણે સુખ દે દુઃખ નિવારે. ૨૦
એવા ગુરુ જાણી કર્યો વિસવાસ,
મોટા મુનિ ચરણ કરે છે નિવાસ. ૨૧
અજ ભવ શ્રીપતિ સુર સમેત,
લહે સુખ સુનકાદિક થઈ વેત્ત. ૨૨
શંકર દત્ત કપિલ હી વ્યાસ,
મહિમા કરે નારદ ગુરુ પ્રકાશ. ૨૩

શારદ શેષ વખાણે વેદ,
ગુરુ વચનારથનો અતિ ભેદ. ૨૪
માને જગ ઈશ દશુ અવતાર,
રહે નિજગુરુ તણે આધાર. ૨૫
પામ્યા ઈશતા ગુરુ કૃપા જો પાઈ,
બિનું કૃપા જગ જીવ સરાઈ. ૨૬
ગુરુ સામ્રથ સબે સુખ દાતા,
આવે શરણે તેને કરે ગતિ માતા. ૨૭
પીવે રસ પૂરણ અંશ છકેતુ,
રહે હજૂરી અંશ થઈ બડ વેતુ. ૨૮

પોખે વિત્ત પરમગુરુ હેત આણી,
મિલાવે પતિપદ દે નિરવાણી. ૨૯
ગુરુપદ પ્રૌઢ પ્રચંડ પ્રત્યક્ષ,
પામે નિજ કૈવલ મોક્ષ કે દક્ષ. ૩૦
ગતિ ચકવે અનુભવ અનાદુ,
લઘુ જીવ કો જાણે વાદ વિવાદુ. ૩૧
ગુરુપદ મોટું અમોઘ અમૂલ્ય,
આવે નહીં કોઈ ગુરુ સમ તુલ્ય. ૩૨
વૈષ્ણવ કોટિ અનંત અનેક,
તેને શિર શોભે ગુરુપદ એક. ૩૩

ગુરુ ગુરુ જ્યાં ત્યાં સૌ કોઈ કહે છે,
ચાર પ્રકારે ગુરુ પદ રહે છે. ૩૪
પ્રોક્ષગુરુ પદ પ્રોક્ષ બતાવે,
પદારથમાં જીવકુ વિલમાવે. ૩૫
ગુરુપદ દેવ બતાવે પ્રત્યક્ષ,
દર્શાવી દેહમાં આપે તેહી દક્ષ. ૩૬
સતગુરુ સત બતાવે જે અંશ,
નર્ણે કરી જુવે કર્તાકો વંશ. ૩૭
તેહી અંશ આપનપુ તબ જાણે,
જબી સતગુરુ તેહી પરમાણે. ૩૮

જેનો અંશ ત્યાંહી મેળાપ કરાવે,
અંશીપદમાં એકતા કરવાવે. ૩૯
અંશીપદ કૈવલ એક સમેવા,
આયે તેનો લક્ષ પરમગુરુ દેવા. ૪૦
પરમગુરુ પરમ પતિકે પ્યારા,
મિલે ગર્ભ સંકટથી કરે ન્યારા. ૪૧
એવા ગુરુ આનંદ મહા સુખકારી,
પર ઉપકાર કરન દેહધારી. ૪૨
દિવ્ય રૂપ સુંદીર શોભા રસાળ,
ઘનશ્યામ મૂરત મહા વિશાળ. ૪૩

પદ પંકજ અલિ અંશ શોભે,
લેતાં મુકરંદ મનોજ હી થોભે. ૪૪
અસંખ્ય અંશ કરે જ્યાં નિવાસ,
શરણે આવે જે તેનો થાય સમાસ. ૪૫
ફરી ગર્ભ સંકટ તે નવ પામે,
સાચે દલે આવે મહા દુઃખ વામે. ૪૬
એવો પદ પંકજનો પરતાપ,
મિલે પતિપદ લહે નિજ આપ. ૪૭
એવા સુખમાં જન ઝીલે અપારુ,
અહો ધન્ય જન જે પામે દેદારુ. ૪૮

એવા જન ભાયગવાન ભવેતુ,
ભયે ભવમાં જેહી ભક્તિ કે ખેતુ. ૪૯
ગુરુ ઘન જ્ઞાન સિંચે જલધારા,
પાકે પ્રભુતા વિધિ ગતિ અપારા. ૫૦
તેહી પ્રભુતા પદ પ્રૌઢ તે પદમી,
કર્તાકાર થઈ લહે સુખ કદમી. ૫૧
તેહી સુખના જે દાતા ગુરુ પોતે,
ટળે જે અસૂઝ ગુરુ મુખ જોતે. ૫૨
અરુણ ઉદે અંધકુ નવ સૂઝે,
બિનું અંશ ભક્તિ પતિ નવ બૂજે. ૫૩

ભજાવે ગુરુ તે પતિપદ વાચે,
લેવા તેહી લક્ષ રહ્યો મન સાચે. ૫૪
સાચો સંબંધ સદા સુખકારી,
તન મન ધન ગુરુ પર વારી. ૫૫
મિથ્યા પદ દેતાં મહા પદ પાવે,
થઈ શરણે રહે ભક્તિ કે દાવે. ૫૬
ગુરુ તુમ વિના નહિ કોઈ મારું,
લાગ્યું કાળ માયા તણું બહુ લારું. ૫૭
તેથી દુઃખ પામ્યો અઘાદ અપારુ,
કોણ કરે સહાય નહિ કોઈ મારુ. ૫૮

કામ ક્રોધ લોભ મહા બડ ભૂપ,
ઈન્દ્રિ ગુણ અંતસ શત્રુ જનુપ. ૫૯
એહી સબ શત્રુ વેધે તન મારુ,
કરે છે બેહાલ નહિ સુખ સારુ. ૬૦
ત્રાહે ત્રાહે પોકારુ છું પતિકુ,
સુણો ધણી અરજ એ દુઃખ સતિકુ. ૬૧
હોય પતિવ્રતા તો પતિને લાજ,
વિટંડીને સુખ ન મળે સમાજ. ૬૨
એવા ગુરુ ચરણ તણો જે ઉપાસી,
સુખે પદ પામે કર્તા અવિનાશી. ૬૩

ગુરુ તે કર્તામાં નહિ ભિન્ન ભાવ,
નિશ્ચે નિજ જન તણો એહી દાવ. ૬૪
પ્રીતે પીવે પાવ ગુરુના પખાળી,
તેનું હ્દય શુદ્ધ થાય અજવાળી. ૬૫
તીરથ અનેક તણું ફળ આવે,
પ્રસાદી પ્રીતે કરી ને જે પાવે. ૬૬
પૂજે પ્રીત કરી ગુરુજીના પાય,
ચતુર્દશ દેવ પૂજા ફળ થાય. ૬૭
ગુરુ સેવા માનસી શુદ્ધ કરી જે,
વિધિ સંયુક્ત હી ધ્યાન ધરીજે. ૬૮

જેનો શુદ્ધ ગુરુ વિષે છે ભાવ,
તેને શિર જમ તણો નહિ દાવ. ૬૯
યથાયુક્ત સૂઝે કરે ગુરુસેવા,
કર્તા શરણે જઈ લહે સુખ મેવા. ૭૦
ભજન કરે ગુરુનું ચિત્ત લાઈ,
ઈચ્છા મનવંછિત તે ફલ પાઈ. ૭૧
વચન ગુરુ કો કબુ નવ લોપે,
તેનો મહિમા જગમાં બહુ ઓપે. ૭૨
વિરોધી વચન બોલે ગુરુ આગે,
અનાહુત પાપ આવી સબ પાગે. ૭૩

લોપે મુરજાદ ગુરુની જે શિષ,
તેને શિર સ્વામી નહિ અન ઈશ. ૭૪
એને કોઈ દુઃખ દે મહાભારી,
છોડાવે તેને કોણ દયા દલ ધારી. ૭૫
કરે ગુરુ નિંદા સુણે દેઈ કાન,
નીચ પદવી પાય દે ન કોઈ માન. ૭૬
ગુરુ સંગથી વિછડે જન જેહ,
ગયે ધરાબોળ આવે નહિ છેહ. ૭૭
ફરે નઘરો ભૂકંપે ક્રુપ ધારી,
લગે ભાર શેષ સહે ન અપારી. ૭૮

તેનું મુખ દીઠે લગે બહુ દોષ,
હરિ ગુરુ સંત કરે તિનું રોષ. ૭૯
મહા કૃપ કરી દેવે જમ ત્રાસ,
છોડાવે તેને કોણ થાય નિરાશ. ૮૦
તેની સાખ્ય સંમત જુવો પુરાણે,
પુછો સત શાસ્ત્ર નિગમ નરાણે. ૮૧
વદે વસુધામાં ભયે જન જેતા,
ગુરુ વિના મોક્ષ નહિ કહે વેત્તા. ૮૨
તન મન ધન જે શિષ સમરપે,
પોતા તરફ રાખે ન સૌ સુખ અરપે. ૮૩

એવો અધિકાર ધરે જન જેહી,
પામે પદ કૈવલ મોક્ષ સદેહી. ૮૪
એવા પ્રતાપી જે ગુરુ ગતિવંતા,
તેને તજી જીવ લહે નહિ અંતા. ૮૫
પામ્યો મનુષા દેહ મોંઘો મહા અમૂલ્ય,
કુણ કુમત્ય આવી તુજ ભૂલ્ય. ૮૬
ફરી દાવ આવો કબુ નહિ આવે,
ચૂકે ગુરુથી જમપુર હી જાવે. ૮૭
જઈ જમપુર કરે ત્યાં વાસ,
સહે મહા સંકટ ગર્ભ નિવાસ. ૮૮

કહું કેટલી તુજ મૂરખ પ્રાણી,
જાને શરણે ગુરુ સુ હેત આણી. ૮૯
તન મન ધન સમરપીને રહેવું,
ગુરુ કસોટી દે તે સર્વે સહેવું. ૯૦
સહી કસોટી સુખ પામ્યા અપારુ,
અહો જન ધન્ય એવા અધિકારુ. ૯૧
તેનો યશ જ્યાં ત્યાં સૌ કોઈ ગાશે,
જેને હૃદય ગુરુ કરે જો પ્રકાશે. ૯૨
ગુરુ સેવામાં ચૂકે ચૂક પડાવે,
તેને ઠોર ઠેકાણે કોણ ઠરાવે. ૯૩

ભમે ભવમાં ભમતો ભૂર ભાવે,
સુખે નહિ પામે ખપે કાળ દાવે. ૯૪
જેને માથે કાળ તણો ભય ભારી,
તેને ગુરુ ભક્તિ લગે નહિ પ્યારી. ૯૫
એને ગુરુ કેમ કરે પ્રતિપાળ,
દયાળુ ઘણા પણ દે મુખકાળ. ૯૬
ગુરુ પાસે બેસે નહિ સ્થિર થાઈ,
વૃત્તિ વિલમે જ્યાં અનાહુત પાઈ. ૯૭
અનરથ અર્થ કમાયો કુટિલ,
ખોયો મનુષ્યા દેહ મોંઘો મહા સુશીલ. ૯૮

સાકુટકુ કેટલી કહું શિક્ષા,
ગયો અધોગત બિન ગુરુ દીક્ષા. ૯૯
તદપિ ગુરુ મહા પર્મ દયાળુ,
લેઈ શરણે સુખ દેવે રસાળુ. ૧૦૦
એવા દયાળુ ગુરુના ગુણ ગાતાં,
રહી જગમાં લહે જે સુખ માતાં. ૧૦૧
રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત ન માગું,
ઈચ્છા પદરજ ચરણ ચિત્ત લાગું. ૧૦૨
માગું શુભ સેવા ભક્તિપદ સાચું,
એવો અધિકાર આવે એવું જાચું. ૧૦૩

દીનબંધુ બંદીછોડ કહાવો,
મોઈ ગરીબ લગે તબ દાવો. ૧૦૪
એવા ગુરુ જાણી આવ્યો છું શરણ,
મીટો મહા દુ:ખ જન્મ ને મરણ. ૧૦૫
મોઈ શિર શત્રુ અનેક ભડે હે,
વેધે તન જે કામ બાણ ગડે હે. ૧૦૬
તેમાં ચેન કેમ પડે દુ:ખ ભારી,
સ્વામી શરણે લ્યો ગ્રહી બાંય મારી. ૧૦૭
તુમ સામ્રથ હરો દુ:ખ મારું,
દાતા દીનબંધુ એ બ્રદ તમારું. ૧૦૮

છાયા કલ્પવૃક્ષ મેં જે નર આવે,
ઈચ્છા મન વાંછિત તે ફળ પાવે. ૧૦૯
પારસ પર્સ રહે લોહ જાતિ,
કહે કોણ પારસ નામ વિજાતિ. ૧૧૦
દોહી કામદુર્ગા ભૂખ નવ ભાગી,
લજે નામ કામ કરે પદ પાગી. ૧૧૧
ચિંતામણિ ગ્રહી ઈચ્છા ફળ આપે,
રહે ન દારિદ્ર દુઃખ સર્વે કાપે. ૧૧૨
એથી અધિક પરમગુરુ આપે,
મળ્યા જેને તેને ન દુઃખ અધ્યાપે. ૧૧૩

પામે દુઃખ દાસ બટ્ટો બહુ બેસે,
ગ્રહી બાંય બ્રદ પાળો ગુરુ યેસે. ૧૧૪
જોશો અપરાધ મારા મન ધારી,
છુટુ ન કબુ કર્મ દોષ અપારી. ૧૧૫
ખૂની ખૂનકા ગુના દેતાં ન પાર,
કરો બક્ષિસ ગુરુ શરણ તુમાર. ૧૧૬
લજે શરણો જો ઉગારો ન મોઈ,
અપત્ય અનિન દાસ ગુરુ તોઈ. ૧૧૭
કરું શું સ્તુતિ મુગો મુખ વાચે,
આઈ ગુરુ શરણ પડ્યો દલ સાચે. ૧૧૮

દેખું ન તુમ સમ ઓર ન કોઈ,
નાવ વાયસ વૃત્તિ મમ જોઈ. ૧૧૯
ઠોર ઠરન અવર ન આશ,
જાવુ જ્યાં ત્યાં બંધન કે પાસ. ૧૨૦
પાસ છોડાવો સામ્રથ સ્વામી,
શ્રીમત્ કુવેર ગુરુકુ નમામિ. ૧૨૧
નમામિ જગતગુરુ જગ ઈશ,
લહે મહિમા તેના ગુરુ ધીશ. ૧૨૨
શ્રીમત્ કુવેર ગુરુ ચક્રવર્તી,
જ્ઞાન અમલ જુવે કોઈ નર્તિ. ૧૨૩

અમલ મોટો જે પામે અધિકારી,
તેની પ્રભુતા સબકુ લગે પ્યારી. ૧૨૪
ગુરુ શિરછત્ર બિરાજે જેને,
દમે કેમ કાળ માયા જગ તેને. ૧૨૫
પીડે ન પિત્રુ યક્ષ દાનવ દેવ,
સાચો પરમગુરુ સાથે અહંમેવ. ૧૨૬
રાજા રંક ભૂત પિશાચ સમેત,
નવ ગ્રહ આદ્ય પનોતિ સહેત. ૧૨૭
ગુરુ રિઝમાં સુખ સંપત સર્વ,
વિમુખી વિરોધી પામે ટળે ગર્વ. ૧૨૮

જેનુ મદસુદન નામ કહાવે,
ચઢ્યો મદ એકુ ન ગુરુ રહાવે. ૧૨૯
ગુરુ સામ્રથ શ્રીમત્ કુવેર,
નારણદાસ લહ્યો એ નવેર. ૧૩૦
જોયું નર્ણે કરી આ જુગ માંહી,
ગુરુ બિના સત્ પદારથ નાંહી. ૧૩૧
એવું સત્ય જાણે માણે સુખ માતુ,
ગમે ન તેને વિષયાનંદ નાતુ. ૧૩૨
સાચો સંબંધ ગુરુ શુદ્ધ જોડે,
કરે જગ આડ્ય તેનું મન મોડે. ૧૩૩

એવો શૂરવીર ડગે કેમ દેખી,
શ્રીમત્ કુવેર શરણ લીયો પેખી. ૧૩૪
ડરે કેમ કેસરી બાલ કરાળ,
ભાગે જૂથ કુંજર મહા વિકરાળ. ૧૩૫
પોખે પરતાપ ગુરુ જેહી વિત્ત,
રહે નઘરો જગમાં નિરવિત્ત. ૧૩૬
ધરે શણગાર કન્યા જે કુંવારી,
શોભા સુખ નહિ બિનું ભરથારી. ૧૩૭
કિયા ઉદે અંશ પતિ તેહી જાણો,
મિલે તેહી લક્ષ તે ગુરુ પરમાણો. ૧૩૮

ગુરુ તે કર્તામાં નહિ ફેરફારી,
શ્રીમત્ કુવેર કી જ્યૌ બલિહારી. ૧૩૯
નારણદાસ ચરણ ચિત્ત લાગું,
ઈચ્છા પદરજ ભક્તિ પદ માગું. ૧૪૦

સાખી

મહેર કરી મોઈ દીજીયે, સેવા સમરણ ધ્યાન;
યશ ગાવા અનુભવ ગતિ, કરુ પતિ પરમ અવિલાન. ૧૪૧
પરમગુરુ કે શરણ કી, મહિમા અપરંપાર;
શારદ શેષ ન કહી શકે, કેશો રહે ઈતબાર. ૧૪૨

વારપાર જાકો નહિ, ગુણ ગતિ દધિ સમતોલ;
ચીડિયા ચંચ ભરી રહી, સાગર સમ તુમ છોલ. ૧૪૩
દધિ સમ તુમ ગુરુ ગતિ, મમ મતિ અલ્પ અજાણ;
મહા પતિતકુ પાવન કરો, શ્રી ગુરુ પરમ સજાણ. ૧૪૪
સજાણ શરણ આવી પડ્યો, નારણદાસ અતિ દીન;
પ્રૌઢ પરમગુરુ જાણ કે, ગ્રહી શરણ રહ્યો લોલીન. ૧૪૫
અખિલાનંદ સુખ શરણ કે, માણે તેહી સંત સજન;
નારણદાસ શરણાગત, રહ્યો દૃઢ દેઈ તન મન. ૧૪૬
ગુરુમહિમા મુખસે પઢે, પ્રાતઃ સમે કરે પાઠ;
અનંત જનમ અઘ સંશયકુ, સબકો ઘાલે ઘાટ. ૧૪૭

મનન કરે મધ્યાનસે, અર્થ વિચારે જેહ;
તિનકુ કૈવલ મોક્ષ કો, યામે નહિ સંદેહ. ૧૪૮
સંધ્યા સમયે એહી પાઠ કો, સુણે સુણાવે જે અર્થ;
ઉપાસી હોય ગુરુ તણો, પામે અનુભવ ગ્રથ. ૧૪૯
અષ્ટ સિદ્ધિ નવ નિધિ સબે, સુખ સંપત્ત સબ સાજ;
ગુરુ ઉપાસનમે સબે, પામે અનુભવ રાજ. ૧૫૦
તેહી દાતા ગુરુ પરમહી, શ્રીમત્ કુવેર સત્ નામ;
નારણદાસ નિરભયે ભયો, કરી ચરણ વિશ્રામ. ૧૫૧

**જય વિધી**

**આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ... ...સત્ કૈવલ સાહેબ.**

# સાયંકાલ ઉપાસના વિધિ – ગુરુ મહિમા સાખી

મહેર કરી મોઈ દીજીયે, સેવા સમરણ ધ્યાન;
યશ ગાવા અનુભવ ગતિ, કરુ પતિ પરમ અવિલાન. ૧
પરમગુરુ કે શરણ કી, મહિમા અપરંપાર;
શારદ શેષ ન કહી શકે, કેશો રહે ઈતબાર. ૨
વારપાર જાકો નહિ, ગુણ ગતિ દધિ સમતોલ;
ચીડિયા ચંચ ભરી રહી, સાગર સમ તુમ છોલ. ૩
દધિ સમ તુમ ગુરુ ગતિ, મમ મતિ અલ્પ અજાણ;
મહા પતિતકુ પાવન કરો, શ્રી ગુરુ પરમ સજાણ. ૪

સજાણ શરણ આવી પડ્યો, નારણદાસ અતિ દીન;
પ્રૌઢ પરમગુરુ જાણ કે, ગ્રહી શરણ રહ્યો લોલીન. ૫
અખિલાનંદ સુખ શરણ કે, માણે તેહી સંત સજન;
નારણદાસ શરણાગત, રહ્યો દૃઢ દેઈ તન મન. ૬
ગુરુમહિમા મુખસે પઢે, પ્રાતઃ સમે કરે પાઠ;
અનંત જનમ અઘ સંશયકુ, સબકો ઘાલે ઘાટ. ૭
મનન કરે મધ્યાનસે, અર્થ વિચારે જેહ;
તિનકુ કૈવલ મોક્ષ કો, યામે નહિ સંદેહ. ૮
સંધ્યા સમયે એહી પાઠ કો, સુણે સુણાવે જે અર્થ;
ઉપાસી હોય ગુરુ તણો, પામે અનુભવ ગ્રથ. ૯

અષ્ટ સિદ્ધિ નવ નિધિ સબે, સુખ સંપત્ત સબ સાજ;
ગુરુ ઉપાસનમે સબે, પામે અનુભવ રાજ. ૧૦
તેહી દાતા ગુરુ પરમહી, શ્રીમત્ કુવેર સત્ નામ;
નારણદાસ નિરભયે ભયો, કરી ચરણ વિશ્રામ. ૧૧

## ગોડીપદ ૧

મેં અવિનાશી ઉપાસી હો સંતો,
મેં અવિનાશી ઉપાસી;
ગતિ અગમ અગાધ લખાસી હો સંતો,
મે અવિનાશી ઉપાસી. ટેક

જપ તપ તીરથ વ્રત વેદોગત,
સાધન સિદ્ધ અધ્યાસી;
સુરત નુરત ધરી લગન લગાવે,
તો તીન લોક પદ પાસી. હો સંતો ૧
દશ અવતાર ધરે ધરણી પર,
દ્વેમાંહી અમલ જમાસી;
નામ રહે રૂપ રહેન ન પાવે,
અંતકાળ ગયે નાશી. હો સંતો ૨
પૃથ્વી તેજ પવન નભ પાણી,
અતિ પરલંત વિલાસી;

ચઉદેઈ લોક હે ઉનકી ભીતર,
ઉનકી હે જૂઠી આશી. હો સંતો ૩
હાડ માંસ રગ લોહ ન ચરમ,
યેસી હે દેહ હમાસી;
સોહંગ સાહેબ નામ હમેરા,
નિજ કૈવલપદ વાસી. હો સંતો ૪
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર દેવા,
જેણે આ સૃષ્ટિ પ્રકાશી;
મહંમાયા કા એક દિવસમેં,
અનેક બેર મર જાસી. હો સંતો ૫

વિતે કલપ રહે શક્તિ તન,
જ્યોતમેં જાઈ મેલાસી;
યેસે કલપ રહે સત જ્યોતિ,
બ્રહ્મમેં જાઈ ભેલાસી. હો સંતો ૬
બ્રહ્મ ચિદાનંદ આનંદ સિંધુ,
જીનું કૈવલ પરકાસી;
ઉઠત ઈચ્છા સૃષ્ટિ સબ ફોરત,
સમતાં સકલ સમાસી. હો સંતો ૭
આદૌ અંશ વંશ હમ જા કે,
અવધકાળ નહિ ખાસી;

નિજ ઘેર સુરત જાઈ મમ લાગી,
આન્ય દેવ તે ઉદાસી. હો સંતો ૮
હે કૈવલ સદોદિત પૂરણ,
નિરાલંબ નિરાસી;
કાયમ સોઈ કુવેર કહે મમ,
આદ્ય પુરુષ અવિનાશી. હો સંતો ૯

## ગોડીપદ ૨

વા ઘર કાહુ ન જાણ્યા હો સંતો,
વા ઘર કાહુ ન જાણ્યા;

નેતિ નિગમ પોકાર કહ્યાના હો સંતો,
વા ઘર કાહુ ન જાણ્યા. ટેક
વેદ કતેબ કુરાન પુરાના,
તામે આ જક્ત ભુલાના;
જન્મ મરણ ધોખે ધરખાયા,
આતમા નહિ પહેચાના. હો સંતો ૧
સાંખ્ય વેદાંત મિમાંસા પાતાંજલિ,
ન્યાય વિશેષી લહ્યાના;
એ ખટ દરશનકે નિજ હારદ,
ગુણ ગોલક કા જ્ઞાના. હો સંતો ૨

લોક ચતુર્દશ વિશ્વ ચરાચર,
તિનુ આ દેવ ઠરાના;
રાજસ સાત્ત્વિક રુદ્ર તમોગુણ,
જોગી જોત્ય કા ધ્યાના. હો સંતો ૩
ઈન્દ્રિ એકાદશ વશ કરી રાખે,
વંદે સકલ જહાના;
કીરતી કીચ કલી મત ભાખે,
નાખે જીવકુ ફાના. હો સંતો ૪
હે હમ જીવ કરત નિત્ય કરિયા,
પોથી પાઠ પઢાના;

રસનાયે રટણ કરે રત્ય લાઈ,
મોક્ષ મુગત મન માન્યા. હો સંતો ૫
ભેખ અનેક રચે વિવિધ વિધ,
પંથ વહેવાર વિભાના;
સંસાર ફંદ તજી લોહ ફાંસી,
કંચન પાસ બંધાના. હો સંતો ૬
જે જીનકે મતકી ગત્ય ઠાનત,
શિર સાહેબ કા બાના;
મેરી તેરી છૂટત નાંહી,
નિજ પતિ પરમ અયાના. હો સંતો ૭

ધર્મ અર્થ કામ ને મોક્ષ પદારથ,
શાસ્ત્ર સકલ બખાના;
સાયુજ્ય સાલોક્ય મુક્તિ સામિપ્ય જે,
સ્વાનિધ્ય દ્વૈત ડહેકાના. હો સંતો ૮
બ્રહ્મવેત્તા જુગમેં જન જેતા,
જીનું વ્યાપક વિત્ત ઠાના;
કહે કુવેર પરે વિત્ત કારન,
સો પતિ પરમ અયાના. હો સંતો ૯

# ગોડીપદ ૩

અદ્ભુત જ્ઞાન હમારા હો સંતો,
અદ્ભુત જ્ઞાન હમારા;
કોઈ જાણે જાણનહારા હો સંતો,
અદ્ભુત જ્ઞાન હમારા. ટેક
દેવલ દેવ પૂજાવિધિ પાતી,
ષોડશ કર્મ આચારા;
ધૂપ દીપ સજી અરગ આરતી,
એ સહુ ઓરલ્યા વહેવારા. હો સંતો ૧

આસન માર પવન પુનિ સાધે,
બંધે દશ દરબારા;
વંકનાળ ચઢી જ્યોત જગાવે,
તોહુ ન બંચે કારા. હો સંતો ૨
શ્રવણ કીરતન પૂજા આદિ,
ભક્તિ નવ પરકારા;
દશધા પ્રેમ લક્ષણા જો પાવે,
તો ગૌલોકનાથ દેદારા. હો સંતો ૩
ત્રિપદ દેવ નહિ ચિદ્ શક્તિ,
નહિ પંચભૂત આકારા;

ત્યાં ગૌલોકને વૈકુંઠ નાંહિ,
અવિગત અરસ સાંઈયારા. હો સંતો ૪
ઇંગલા પિંગલા સૂક્ષ્મણા નાડી,
બ્રહ્મરંધ્ર ઝનકારા;
યોગી યોગ સકલ વિધિ સાધન,
યહાં લગી અમલ તમારા. હો સંતો ૫
ગુપ્ત ચલે ધરણી ગગન્યે ગમ,
લેખ કરે નભ તારા;
ચૌદ લોક કે મનકી જાણે,
પ્રકૃતિ લિયા અવતારા. હો સંતો ૬

જાગૃત સ્વપ્ન સષોપતિ તુરિયા,
મન બુદ્ધ ચિત્ત અહંકારા;
એ અષ્ટ આવ્રણ રહિત અગમ ઘર,
અપરંપાર અપારા. હો સંતો ૭
ભક્તિ કરે જુગમે દ્ઢતા ધર,
તન મન સહિત સકારા;
પરચા આન્ય પુરાવે પરસ્પર,
ગુણ કે સાધન વારા. હો સંતો ૮
સમલિત બ્રહ્મ ચરાચર વ્યાપક,
ઘટ ઘટ હંગ હકારા;

ઓહંગ સોહંગ દોનુ રહિત દુગ્ધા,
નિજ પરમપદ ન્યારા. હો સંતો ૯
પિડં બ્રહ્માંડ ફોડી મમ સુરતા,
ગજ્ઞ તજ્ઞ ભયી પારા;
કહે કુવેર કૈવલ પરસ્પર,
ભઈ ગતિ અગમ અપારા. ૧૦

## ગોડીપદ ૪

દેશ હમારા વંકા હો સંતો,
દેશ હમારા વંકા;

જ્યાં નહીં કાળ જાળકી શંકા,
હો સંતો દેશ હમારા વંકા. ટેક
ચલના ચહાવ કોહુ મમ મારગ,
છોડો આ તન કી અહંકા;
કાટી શીશ ધરો ધરણી પર,
કુણ રાય કુણ રંકા. હો સંતો ૧
ગતિ વિના ગવન પાવ વિના પંથા,
રવિ વિના તેજ અસંકા;
રૂપવિનામૂરતસુરતવિનાનિરખન,
તાર વિના રવાજ રરંકા. હો સંતો ૨

ઘન વિના નીર ગગન વિના ગર્જના,
ધરા વિના વિશ્વ ધરંકા;
ધડ વિના સિર પીર વિના પરચા,
પતિ વિના પાયે પરંકા. હો સંતો ૩
ગુણ વિના જ્ઞાન ધ્યાન વિના ધારન,
ધે વિના ધરત ધ્યાનંકા;
ધાતા વિના ધવન ગવન વિના ગુણીજન,
ઋતુ વિના રાગ અલંકા. હો સંતો ૪
પૂજ વિના દેવ સેવ વિના સનમાન,
રિદ્ધિ વિના ભોગ ધરંકા;

અંતઃકરણ ચારુ વિના ચિતવન,
લખી ન શકત બાવન અંકા. હો સંતો ૫
કોટી અનંત ભયે જન આગે,
ધરી મન અગમ અસંકા;
અગમ કી ચલક ભલક ભવતારન,
પરચા સોઈ પદ પરમ કા. હો સંતો ૬
ઓરલ્યા અગમ પદ રહત નિગમ,
અવ્યાકૃત ઘર એ માયમ કા;
પરચા હોત સબે ઉનહીતે,
યામે સકલ ડેહંકા. હો સંતો ૭

જ્યૌ નહિ શક્ત જક્ત નહીં ઉત્પન્ન,
નહી ગતિ જ્યોત તેજમ કા;
કર્તા ઈશ અનંત સુપનવત્,
તા સરભર નહીં રેખનકા. હો સંતો ૮
બ્રહ્મ સનાતન કહત સબે મિલિ,
તાકી કહુ મેં ઉપમકા;
અનંત કોટિ કૃષ્ણ કેલ કરત જ્યાંહાં,
તેતા રામ રહંકા. હો સંતો ૯
યેસે અસંખ્ય ધામ પર કૈવલ,
જાણે ન કોઈ જાનંકા;

રામકૃષ્ણ લવ ધ્યાન ધરત વાકો,
છૂટત કરત કલંકા. હો સંતો ૧૦
અગણિત પાણ્ય પાદુ શ્રવણ નેંન,
સંખ્યા રહિત બરનન કા;
કહે કુવેર સોહી પતિ મેરા,
જુગ જાહેર જશ ડંકા. હો સંતો ૧૧

## ગોડીપદ ૫

પ્રગટ મનુજ અવતારા,
કૈવલકુલ પ્રગટ મનુજ અવતારા;

કોઈ જાણે જાણનહારા,
કૈવલકુલ પ્રગટ મનુજ અવતારા. ટેક
નયેતિ નિગમ તીત શાસ્ત્ર બચનસે,
અનુભવ અગમ અપારા;
ન ભવતુ ભવિત લહિત ગતિ જાકે,
સો પતિ ખુદ કિરતારા. કૈવલ ૧
અષ્ટાદશ ચિન અંગ શોભિત જીનું,
નૌતમ છબી શુભ સારા;
લલિત લક્ષ ઘનશ્યામ સ્વરૂપ કે,
દર્શન તે ભવપારા. કૈવલ ૨

ભૂક્ષણ વિવિધ વિધ પટ શોભિત,
સોવ્રણ સકલ શણગારા;
મંગલ મૂરત મનોજ લજાવન,
સો પ્રભુ પ્રગટ દેદારા. કૈવલ ૩
સુંદિર સિંઘાસન આપ બિરાજે,
છત્ર સો શિર પર ધારા;
દાહ વામ દોઉ ચમ્મર ઢળત હે,
છડીદાર દોઉ ઠારા. કૈવલ ૪
વિધિપૂર્વક પૂજા સબ સજ કે,
બાજંત્ર બજે ઝનકારા;

ઝગમગ જ્યોત જરત દોઉ દીપક,
જ્ઞાન કરત ગતિયારા. કૈવલ ૫
સંત સજન આરતી સજ ઠાડે,
જોડી કર સુરત સકારા;
નિરખી રૂપ રસ લીન સુરત છબી,
હો ગયે ચિત્ર આકારા. કૈવલ ૬
પુષ્પાંજલિ સ્તુતિ વિનયે વિધિ,
કરે જન હરખ અપારા;
અહો નિજ આપ તાત સબન કે,
સુખનિધિ શરણ તુમારા. કૈવલ ૭

કરુણાસાગર નામ પ્રમાણિક,
કરુણા દૃષ્ટિ પસારા;
કરુણા મોક્ષ કૈવલ પતિ પાવે,
અંશ અનંત ભવપારા. કૈવલ ૮
શ્રીમત્ કુવેર ધન્ય પ્રગટ પોમી પર,
કદમ કીયે અગ જારા;
નારણદાસ આશ પદરજ કી,
શરણાંગત સરકારા. કૈવલ ૯

# ગોડીપદ ૬

અલખ ખોજો ઘટમાંહી હો સંતો,
અલખ ખોજો ઘટમાંહી;
તાતે જનમ મરણ ભય નાંહિ,
હો સંતો અલખ ખોજો ઘટમાંહી. ટેક
અલખહી આપ લખિત તન સારુ,
વારુ આ વિશ્વ વિલાઈ;
વિલંતાં વિત્ત રહે જેહી વસ્તુ,
ઉદે ન અસ્ત સોહાઈ. હો સંતો ૧

વિતપન વેષ જે વસ્તુ વેષાતીત,
તે લક્ષ દે ગુરુ સાંઈ;
માટે ગુરુ શિર સામ્રથ થાપો,
દે નિજપદ ઓળખાઈ. હો સંતો ૨
બિન ગુરુ અલખ લહે નહિ જુગધર,
જે લહે તે વિલજાઈ;
આગ્યે શાખ અનંત હે ઉનકી,
જબ દે ગુરુ બકસાઈ. હો સંતો ૩
ગુરુ પદવી સબ કે શિર સામ્રથ,
જાહેર જુગ કી માંહી;

દશ અવતાર ચાહે ગુરુ ચરણા,
રહે નિજપદ સરસાંઈ. હો સંતો ૪
ગુરુ કર્તા દ્વે નાંહિ નિજ એકુ,
અજબ કળા કળ પાઈ;
શ્રીમત્ કુવેર કે ચરણ કમલ પર,
દાસ નારણ બલજાઈ. હો સંતો ૫

## ગોડીપદ ૭

સેવો ગુરુ પદ સોઈ, હો સંતો સેવો ગુરુપદ સોઈ;
જામે આવાગમન નવ હોઈ, હો સંતો સવો ગુરુપદ સોઈ. ટેક

ગુરુ કામધેનુ કલ્પતરુ તદ્ સમ,
હે ચિંતામણિવત્ જોઈ;
પરસત પૂરણ હોય મનોરથ,
મનવાંછિત ફલ હોઈ. હો સંતો ૧
ગુરુ મહિમા મોટા જન જાણે,
માણે વિરલા જન કોઈ;
અશક ધરી રસ પ્યાલા પીવે,
જન મત બાલા હોઈ. હો સંતો ૨
ભયા મતબાલા મસ્ત દીવાના,
ત્રણાવત્ જગ જોઈ;

સામ્રથ ગુરુ શિર પર હી બિરાજે,
તાતે ડરું નહીં કોઈ. હો સંતો ૩
ભાગ્યા ડર ભર જનમ મરણ કા,
સુખ સાગર વિલસોઈ;
ઉત ઈત સભર સુધારસ સિંધુ,
ઝીલંતા જન મીન હોઈ. હો સંતો ૪
આનંદ કંદ કરુણામયે કાયમ,
શ્રીમત્ કુવેર સત્ સોઈ;
દાસ નારણ કહે જ્યોં બલિહારી,
ચરણ કમલ ચિત્ત પ્રોઈ. હો સંતો ૫

# ગોડીપદ ૮

ગુરુ ચરનન કા ઉપાસી હો સંતો,
ગુરુ ચરનન કા ઉપાસી;
અવર ન ચિત્તમેં આશી,
હો સંતો ગુરુચરન કા ઉપાસી. ટેક
કોઈ તીરથ વ્રત જપ તપ કરહી,
કોઈ તજી અન્ન ઉપવાસી;
કોઈ કંદમૂળ દૂધ પીવે ફરાળી,
યૌ જિત તિત મતરાસી. હો સંતો ૧

પૂજત પ્રેત પીર જજત પ્રીતકર,
                    જન વશ કરનકી આશી;
મંત્ર જંત્ર વશ કરન વિધિ સબ,
                    મારન મોહન કે તપાસી. હો સંતો ૨
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર શક્તિ,
                    કોઈ નર જ્યોત ઉપાસી;
દશ અવતાર અશક પતિ માને,
                    નિજપતિ જોયા ન તપાસી. હો સંતો ૩
નિગમ ચતુર ખટ શાસ્ત્ર વિલોકે,
                    કુરાન પુરાણ મત ગ્રાસી;

બિન મોર સદગુરુ મુક્તિ ન કબહુ,
અનંત પુરુષ કી જ્યોં બાસી. હો સંતો ૪
આદ્ય અંત ઓરુ મધ્ય ચરાચર,
જબસે સૃષ્ટિ ઉપાસી;
યામે મોક્ષ મળે નહિ મુકરે,
બિન ગુરુ બોધ સમાસી. હો સંતો ૫
તન મન ધન કદમ પે ધરના,
મન કર્મ વચન કી આસી;
શ્રીમત્ કુવેર કે ચરણ કમલ પર,
દાસ નારણ બલ જાસી. હો સંતો ૬

# ગોડીપદ ૯

શ્રીમત્ કુવેર ગુરુ મેરા હો સંતો,
શ્રીમત્ કુવેર ગુરુ મેરા;
પાયો ચરણ કમલ સુખ શિરા,
હો સંતો શ્રીમત્ કુવેર ગુરુ મેરા. ટેક
જ્યૌં સૂર તેજ સકલ પર સરખા,
સમસ્ત દ્રિઘનપે નેરા;
અંધ આદિતકુ કિસ વિધિ જાણે,
ખોલે લોચન સબ હેરા. હો સંતો ૧

ગુરુ સૂર મેં દ્રિઘન કહાવું,
ચંદ્ર ગુરુ મેં ચકોરા;
ગુરુ અરણવ સલિતા મમ પદવી,
ગુરુ ઘન સ્વાંત મમ સેરા. હો સંતો ૨
ગુરુ ચંદન મમ સરપ પુરાણા,
નિશદિન ઝરત શરીરા;
અનંત કલ્પ કર્મ અનલ અંગમેં,
પ્રસત હરત વિખ હીરા. હો સંતો ૩
શરદ ઋતુ ઘન ગુરુ છીપ મમ સોઈ,
પ્રીતે પરમાનંદ પુરા;

વ્રેહવંત લગ્ન હુલ્લાસ હંમેશ જિનું,
નિપજે મૂગત મહા નૂરા. હો સંતો ૪
સાકરખોરુ ખગ ગુરુ મમ શલ્યા,
કરત સકર ભઈ નવેરા;
રહે વિતરેક જમતમહી અનાદુ,
મિલત ના નિજપદ સેરા. હો સંતો ૫
ગુરુ હુમાહુ છાયા કરુણાકર,
દીયા જ્ઞાન અમલ અનેરા;
શ્રીમત્ કુવેર કૃપાનિધ્ય સ્વામી,
દાસ નારણ જનતેરા. હો સંતો ૬

# ગોડીપદ ૧૦

પ્રગટ પરમગુરુ ભાનુ, જગતમેં પ્રગટ પરમગુરુ ભાનુ;
જેની કિરણ જ્ઞાન પસરાનું, જગતમેં પ્રગટ પરમગુરુ ભાનુ. ટેક
ગતિ પરકાશ અચરચર બુજત,
સૂઝ પરે નિજ જ્ઞાનુ;
અંશી અંશ સકલકે કર્તા,
શરણાંગત સુખ દાનુ. જગતમેં ૧
નિજ શરણાનું સુખ અપરબલ,
બળવંત ધણીનું બાનુ;

મહાદ્ મોજ પ્રિયે પતિકુ જો લાગે,
સ્વેત વેદ વિદવાનું. જગતમે ૨
છૂટે વિનતા દીનતા પતિવશ,
જશ જિનુ જગ વિખરાનું;
આલોક ઓરુ પરલોક પ્રિયે અતિ,
ગતિ અનુભવ દે દાનું. જગતમે. ૩
શ્રીમત્ કુવેર શરણ સુખ જેતા,
લહે શિષ ભયે તે સુજાણું;
નારણદાસ આશ પદ રજકી,
તન મન ધન અરપાણું. જગતમેં. ૪

# સંધ્યા સાખી

સંધ્યા સમરણ આરતી, ભજન ભરોસે દાસ;
મનસા વાચા કર્મણા, કર ગુરુચરણ નિવાસ. ૧
ગુરુ કી કીજે બંદગી, કોટિ કોટિ પ્રણામ;
કીટ ન જાનત ભૃંગકુ, સોઈ કર લે આપ સમાન. ૨
ગુરુ મૂરત મુખ ચંદ્રમા, સેવક નેંન ચકોર;
અષ્ટ પહોર નિરખત રહે, સોઈ ગુરુ મૂરત કી ઓર. ૩
ચાર ચીન હરિ ભક્ત કે, પ્રગટ દેખાવન દેત;
દયા ક્ષમા ઓર દીનતા, પર દુઃખકુ હર લેત. ૪

ધનવંતા જુગમેં ઘણા, રૂપ રંગ મન મોટ;
કહે કુવેર નેમી ઘણા, મનમેળુ કી ખોટ. ૫
મનમેળુ જબ હી મીલે, આતમ તત્ત્વ વિચાર;
તન મન સોંપી દીજીયે, વાકે શરણ મોજાર. ૬
તન મન સોંપી શિષકુ, રહો સદા લોલીન;
કહે કુવેર અંતર નહિ, જેસે જળમાં મીન. ૭
જ્ઞાન મીનકા મચ્છકો, સંગ કરે જન કોઈ;
કહે કુવેરા તો મિલે, પેર પીવનકી તોય. ૮
જ્ઞાન મીન યાંહાં સતગુરુ, જો કોઈ શરણે જાય;
કહે કુવેર કળ દેત હે, જીવ પરમપદ પાય. ૯

શુદ્ધિ કો સમજે નહિ, કથે બાદલુ જ્ઞાન;
અળતો ચઢે ન અંગને, કુવેર તક્રને પાન. ૧૦
સુરિનર મુનિજન દેવતા, બ્રહ્મા વિષ્ણુ મહેશ;
કહે કુવેર ગૌલોક લ્યૌ, જેઠી તક્ર આ વેશ. ૧૧
ખટ નવ ને દશ અષ્ટ લ્યૌ, ચારુ વેદ ચરાસ;
વ્યાસ વલોવણ છાશનું, પીવત જક્ત ઉપાસ. ૧૨
રામચંદ્ર વશિષ્ઠકુ, કર્તા પણ ગુરુ કીન;
ચૌદ લોક ભાંગે ઘડે, ગુરુ આગે આધીન. ૧૩
કહો વશિષ્ઠે કયા દિયા, કર્તા કો ઉપદેશ;
એ અંદેસા સર્વને, સુણો કહું સંદેશ. ૧૪

પિતા બુંદ શિર ગર્ભકી, જો ન લહે જન કોય;
કેહે રાજા કે રંક હી, ખરા અજાણ્યા દોય. ૧૫
એસે કૈવલ અંશ (બુંદ) કે, જીવ ઈશ્વર અવતાર;
કહે કુવેર સતગુરુ વિના, કોઈ લહત નહીં પાર. ૧૬
ચૌદ તબક જીનું શિર પર, ઓર ચૌદ ઉપછાંડ;
મધ્ય મહેલ કૈવલ કુલ, સુઘડ સભોમ સઘાડ. ૧૭
તે કૈવલ ખુદ ખાવન, અખિલ જીવન કિરતાર;
કહે કુવેર દરશાવહુ, જો જન હોય હમાર. ૧૮

# સંધ્યા આરતી

પહેલી આરતી પ્રેમ હુલાસા,
અનંત કોટિ જ્યાં કરત વિલાસા. ૧
આરતી કરત નિગમ હરિદાસા,
હરિ હરિ અગમ અગોચર અવિગત વાસા. ટેક
દૂસરી આરતી દીરઘ મૂરત કી,
દેવ સકલ દિવ્ય મંગલ મૂરત કી. આરતી ૨
તીસરી આરતી સકલ સુમત કી,
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર પત કી. આરતી ૩

ચોથી આરતી સકલ ચરાચર,
પ્રણવ પેચ જેહી રહી ભરાભર. આરતી ૪
પંચમી આરતી પરમ પુરુષ કી,
સકલ સાજ કળ કરન દૂરસ કી. આરતી ૫
ષષ્ઠમી આરતી સગુન મૂરત કી,
મચ્છ કચ્છ વ્યાઘ્ર વૈરાહ સંમત કી. આરતી ૬
સપ્તમી આરતી સરલ શક્ત કી,
વ્યાપક વિત્ત ચર અચર જકતકી. આરતી ૭
અષ્ટમી આરતી અંજન આર કી,
પરમ પુરુષ અવિકાસ કરસ કી. આરતી. ૮

નવમી આરતી નવ નિધ સિધ કી,
સકલ સૃષ્ટ રધ પુરિત સનિધ કી. આરતી ૯
દશમી આરતી આદ્ય પુરુષ કી,
છેક છેવટ પતિ પરમ ઉરસ કી. આરતી ૧૦
જ્યાંહી પરંતુ અંતુ નહિ કોઉ કિત,
નિજ કૈવલ કારન બિનું ઉત ઈત. આરતી ૧૧
જીનકે શુદ્ધ સંકલ્પે સલપમેં,
અખિલ લોક ઉપજાયે પલકમેં. આરતી. ૧૨
કહે કુવેર અનેર આરત કી,
ભવ ઉતપન અબલગ ન સારત કી. આરતી ૧૩

# સંધ્યા સ્તુતિ

સસ્વયં સદ્પદં સર્વ મોક્ષ નાયકમ્;
અદ્વૈતં અનુસુતં ભવવિતં ઈશ્વરે. ૧
તત્ત્વ વેતાય તદ્વતં સમૃથાય સાક્ષી યંગ;
મંગલાય મહાદ્ ગતં અહમ્ નમામિ પ્રાણપતે. ૨
દેવાધીયં ચૈતનં યદ્ લોકં સહીતયમ્;
વ્યાપીતં વિશ્વયં અકલેદં અનુરણે. ૩
નભગતં અનુભવે ન વારપાર અંતયં;
સર્વગ્ને સ્વછંદનં જયે જયે તી કુવેર કૈવલમ્. ૪

**જય વિધી**

**આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ... ...સત્ કૈવલ સાહેબ.**

# પોઢણ આરતી

પોઢે સુખ સેજ શ્રી મહારાજ,
કરુણાસાગર રાજ. પોઢે...ટેક
સંતન કે સુખદાયક લાયક, નાયક સજન સ્વેરાજ;
શોભા સુંદીર અતિ અનોપમ, ષોડશ ચિન ધરે સાજ. પોઢે ૧
કલા ખટદશ વિભૂતિ પૂરણ, પરમગુરુ જગ કાજ;
લાયે લક્ષ અલૌકિક અનુભવ, સુરગતિ નાંહી સમાજ. પોઢે ૨
નવ ઘનશ્યામ સ્વરૂપ સ્વામી, દામી કહત દલ દાજ;
તેજપૂંજ પ્રકાશ પાવન, કરત રહત જન લાજ. પોઢે ૩

ચંદન સેજ જડિત્ર સોવ્રણ, પુષ્પ પિછોડી બિછાજ;
અત્તર અરગ કી લપટ લગાવત, સુગંધ કેશર તાજ. પોઢે ૪
સેવા કરન સબ સુર આયે, સંત સજન કો સમાજ;
આનંદ કો અતિ હોત કોલાહલ, હરખે ગરીબ નવાજ. પોઢે ૫
શ્રીમત્ કુવેર સબ દાસ કો દલ, દેખી ઉચરે અવાજ;
નારણદાસ આશ પદરજ કી, પૂરે પૂરણ કાજ. પોઢે ૬

**જય વિધી**

**આદ્ય સક્રત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# ભોજન સમયની ધૂન

કરમ ભરમ જાકુ નહિ ભેદત, અક્ષર બાવન નહિ લખે;
ગુણાતીત અતીત અમાપક, સાક્ષીવંત સતંત પખે. ૧
જપહો જન હંસા, કૈવલ જાપજ હી પદ અજર અખે... ટેક
જાથે હોત સકલ સબ ઉત્પન્ન,
જીનુ ચૈતન અંકુર વિષે;
સો અંકુરધર અવિગત પતિ,
ભુગતત ભોગ અનંત મુખે. જપ હો. ૨

જેસે શૂન્ય સરલ ઘટ મઠ,
પટ વટ નહિ વ્રાધ્ય ઉપાધ્ય પખે;
તેસેહી કૈવલ અંશ અરોકિત,
વ્યાપિક વિશ્વ વિશે નાં ધખે. જપ હો ૩
સૂક્ષ્મ સ્થૂળ કારણ મહાકારણ,
પરમકારણ પદ પરમ લખે;
તા પર કૈવલ ધામ સનાતન,
કોઈક જવરલા જાણી શકે. જપ હો ૪
અજહદ્ જહદાજહદ્ લક્ષણા લક્ષ,
પક્ષ નહિ તહાં કહાં સુરત રખે;

સો તો સર્વ વર્જિત તિત ઉતઈત,
ચૈતન દ્દષ્ટ જીનું ઓલખે. જપ હો ૫
અકલ સ્વરૂપ અખંડિત અનુસુત,
પરસ પરે ગુરુ લક્ષ પખે;
અદ્વૈત આપ અમાપ માપ હોઈ,
ભાસહી વિશ્વ વિલાસ વિખે. જપ હો ૬
આદ્ય અંત મધ્ય પુરુષ પુરંજન,
અંજન રહિતનાં ભવિત ભખે;
અદ્‌ભુત વસ્ત સદોદિત સદપદ,
તા અનુભવ રસ સંત ચખે. જપ હો ૭

વારપાર વિનુ સહિત સમલપદ,
વિમલ વિલોક ન રોક દખે;
શુધ્ય સમરસ રસ ઠસ દસુ દસા સજા,
કુવેર સોયે તાણી સોડ સખે. જપ હો ૮

**જય વિધી**

**આદ્ય સક્રત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# કથા સ્તુતિ ૧

## અગાધ બોધ ગ્રંથ

ૐ પ્રથમ પરણામ ધામ, જીનું સકલ પરાપર;
સરલે જહાકી સક્ત વ્યક્ત, બ્રહ્માંડ સકલ ધર. ૧
જે જે કૈવલ નાથ, સનાતન સર્વ ક્તારન;
અખિલાનંદ અવિનાશ, વિલાસિક વિવિધી વધારન. ૨
લોક ચતુરદશ દ્વંદ ફંદ, ફન કરન સધારન;
વિવિધી ભાત્ય ગુણ ગ્રંદ, વ્રંદ વિદ અલગ ઉદારન. ૩

અગણિત ઈંડ કટાક્ષ પાક્ષ, વસુ તમ પદ પરમ;
અલગ સલગ એકતાસ, આશ કોહુ જાણે ન મરમ. ૪
હંસ નિવાસન ધામ ધણી, તુમ પુરૂષ પુરાતન;
નમો નમો નિરવાણ, પ્રાણપત સચર સમાસન. ૫
પ્રકૃતિ બિનું ધન્ય પુરુષ, પલકમેં ખલક ઉપાસક;
આન્ય ધામ પતિ દેવ, જુગલ શક્તિ તન આશક. ૬
તબ દેવનકે દેવ સકલ, શિર હો તુમ કૈવલ;
સાક્ષિવંત સુત સલંગ પ્રૌઢ, પદ પુરૂષ એકલમલ. ૭
જય કરુણામયે કંથ અંત, મધ્ય આદ્ય પરાપર;
હંસ રૂપ અસ્તુત કુવેર, નિજ ગ્રંથ કરન સ્વર. ૮

(સાખી)

મંગલાચરણ પ્રથમ એહી, ધરન સજન ઉર ધ્યાન;
અબ ગ્રંથન પ્રારંભહુ, સુનહો સંત સુજાન. ૧
લોક અસંખ્ય ઉતપન ગતિ, સપ્ત દ્વિપ સુર ધામ;
સો સબ ગ્રંથમેં ભાખહુ, વિવિધિ ભાત્ય ગુણ ગ્રામ. ૨
સકલ અંગ ભિન્ન ભિન્ન ગતિ, અરથ બોધ શુભ સાર;
કહે કુવેર કરકે કહું, સંશે હરન ભવપાર. ૩

# કૈવલ કર્તાની સ્તુતિ

કૈવલં ચીદેનં અવ્યેનાં વયનં;
દ્વીઘનં લઘુયં અમોહં અમસ્તુ. ૧
નિરાલં નારાયણં અહં નં વ્રણેયં;
નયેતિ નર્ણેયં પ્રણાયં પરંતુ. ૨
જપેનં જપાયં કાયં નં મયાયં;
મનાતી મગોયં સ્વયં તમ સમસ્તુ. ૩
જાહાં નં ધાતા ધ્યેયં નં વિછંદં;
વિનય જે કરોતી વિવર્જિત વસ્તુ. ૪

વિધિવૈ વેદંતં અચંત્યે નચંતં;
સુનાતી સનાતં જે નાથ અનંતું. ૫
અગાધં બોહોધં લહે જન મહાદં;
કુવેરં તેયં મમ નમામિ નમસ્તુ. ૬

**જય વિધી**

**આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# કથા સ્તુતિ ૨

(સિદ્ધાંત બાવની ગ્રંથ)

ૐ વંદુ ગુરુ ચરણ શરણ, સામર્થ્ય કરતારન;
જીનું માનત જુગ ઈશ ધીશ, દશુ શિર સરદારન. ૧
સકલ દેવન કે દેવ ભેવ, વિત વરજિત વિલોકહુ;
સર્વાતીત સર્વજ્ઞ અંગ, અનુભવ અવિલોકહુ. ૨
પ્રથમ અંગ ચર ચેન યેન, ધરે વિપુ વિલાસક;
કરત નિવાસ જન સંત સુખદ, નિજ ભોવન સુધાયક. ૩
દિવ્ય તનુ ઘનશ્યામ, બદન પર ચંદ્ર બિરાજીત;
દ્વિધન કમળ દધી મહાંય, ક્રિપાનિધિ સુરત નિધારિત. ૪

ચરણ ચિન બરન્યેહુ સંત સહુ, સુણો સજન જન,
મંગળ કરન વિઘન હરન, ધરત ધ્યાન પાવન કરન. ૫
કરુણાનિધ્ય ભગવાન કરુણા કરી, જગ પર ઘાડી;
દ્વૈત મદન મન મોદ અંશ રખી, ફેરી સબ ઝાડી. ૬
શ્રીમત્ કુવેર શરણ પ્રણામ, કરું કર જોરી;
નારણદાસ અસ્તુત્ય કરુણાકર, મતિ મમ ભોરી. ૭

(દોહા)

મંદ મતિ મમ જાણ કે, બસો હૃદયમેં આય;
ઈચ્છા અંતર ઉપની, ગાવા ગુણ મહિમાય. ૮

મૂંગે યૌ ઇચ્છા કરી, મેં ટેરું ચૌદેઈ લોક;
પંગુ મનોરથ યૌ કરે, ચઢું મેરુ એ ફોક. ૯
સજાણકુ શી વિનંતી, સર્વજ્ઞે સક્ષાત્;
નારણદાસ નિમિત્ત માત્ર, આરોપણ વચનાત. ૧૦
શ્રીમત્ કુવેર કરુણા કરી, તબ કરું અક્ષર કી છાણ્ય;
જ્યૌ ગાંધર્વ બાજા વિષે, બજાવે તેસી વાણ્ય. ૧૧

**જય વિધી**

**આદ્ય સક્ત સ્વરાજ કરુણેશ કૈવલ...**

**...સત્ કૈવલ સાહેબ.**

# શ્રીમત્ કરુણાસાગરાષ્ટકમ્

વિશ્વેશ્વરાજ્ઞાં પ્રણતો ગૃહીત્વા, ય આગતઃ કૌજનતારણાય;
નૃભ્યો નૃરુપેણ દદાતિ બોધં, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૧
અહોજના બોધત વિશ્વનાથં, તદ્દુક્તધર્મં ચ સમાચરંતં;
ઈત્યાહ યો વૈ વિરહન્ પૃથિવ્યાં, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૨
યો દેશનાયા સમયે સમર્થો, દ્રષ્ટાંત સિદ્ધાંત સમેત વાક્યૈ;
સદ્ધયઃ સુબોધં વિમલં દદાનો, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૩
હિંસ્ત્રૈર્નિરી શ્ચૈવ્યભિચારીભિશ્ચ, નીતે કુવાક્યૈઃ કૃપથે નૃલોકે;
યેનેશભક્તિ ગદિતા સધર્મા, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૪

સમૃધ્ધૃતઃ પ્રાકૃત વેદધર્મ, સંસ્થાપિતો યેન ચ કર્તુવાદઃ;
સુતર્કવાક્યૈ ર્નિહતઃ કૃતર્કો, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૫
સદબોધદા યત્કૃતબોધગ્રંથા, નિરુપિતો યેન ચ પુણ્યપંથાઃ;
નિવારિતા યે નચ જીવ હિંસા, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૬
આધ્યાત્મશાસ્ત્રવરેણ લોકે, છિન્ના અવિદ્યા ભવ જીવદોષાઃ;
આવિષ્કૃતા યે નચ કર્તુભક્તિ, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૭
સદા પ્રફુલ્લાનન પંકજો યો, મહીતટે ગુર્જરસંજ્ઞદેશે;
વિરાજતેઽનંતગુણો ગુણજ્ઞાં, નમામિ દેવં કરુણાર્ણવંતમ્. ૮

# જ્ઞાન સંપ્રદાયના સંત તેમજ અનુયાયી માટેનું બાહ્ય ભાલ-તિલક



કહુ જીનું વરણ તિલક રંગ વેશા, રક્ત શ્વેત ઉભય અણિ રેખા;
અબ તુમ સંત સકલ મમ દાસુ, ધરો એહી તિલક નિશંખ વિસવાસુ.